# ચકમક લોઢું ઘસાતાં ઘસાતાં



~કે.બી. દસાડીયાં
~આર.બી ગોસ્વામી

ષજીવન આરાધના મંદિર - આડેસર.

# A REQUEST

Untill and unless there arises within a tw legged creature The unanswerable Questions' th burns to the deepest core of the heart, One can n be called 'a Seeker' in real sense and untill ar unless one is not a seeker, One can not find or me MASTER or even heard of him.

In no case, One who is not a Seeker have a relation with MASTER, irrespective of any physica mental or emotional associations are there, ar thus, as this so called guru-disciple Combination Only a FANTASY, It is,-and it Shoyld be-destined t end fruitlessly.

So thinks GOR and request to note this as base of all the work upon One Self.

GOR 1-4-80

# -: PREFACE :-

*Our two fast friends ( and, seekers of life ) used to write daily notes in diary without any connections with each other. We happened to get diaries from the both, read, enjoyed and published—with the view that it may be of some help to the seekers of life.*

- ILA Upadhyaya
- Ashok Upadhyaya

Publishers

# અર્પણ



કે. કે. અઘારા
શ્રી ૐ શાંતિ આશ્રમ
મોટેલ રોડ, નવા કુવા

આર. બી. ગોસ્વામી

**PART (A)**

## તા. ૨૮–૧–૯૦

અરીસો દરેક વસ્તુનું પ્રતિબિંબ પાડી શકે છે, પોતાના સિવાય....? જયારે રોજનીશી દ્વારા હું મારૂં પોતાનું પ્રતિબિંબ પાડું છું એટલુ જ નહીં એ દ્વારા હું મને વધુંને વધુ શુદ્ધ અને ચૈતન્ય સભર કરૂં છું.

રોજનીશી મારી વિશ્વ – વિદ્યાલય છે જેમાં હું નીત નવીન કાંઇક શીખુ છું રોજનીશી મારા ચૈતન્યનું દર્પણ છે.

## તા. ૨૯–૧–૯૦

ભાવથી કરેલ સંકલ્પ તાત્કાલિક અસર પહોંચાડે છે મનથી કરેલ સંકલ્પ વધુ અસર કરતાં નથી.

## તા. ૩૧–૧–૯૦

વહેલી સવારે ઉઠયો સાફસુફી કરવામાં મજા આવી આજે વસંત પંચમી છે ફળિયાની સફાઇ કરી છોડના કયારા બનાવ્યા નાનીશી બાબતમાંથી પણ આનંદ પ્રાપ્ત થઇ શકે છે ક્રિયા કરતાં કરનારો વધુ મહત્વનો છે આનંદને કરનારા સાથે નિસ્બત છે.

### તા. ૧-૨-૯૦

જે દોષ મારામાં નથી તે દોષ બીજામાં હોય તોય મને ખબર પડતી નથી આનો અર્થ એ થાય કે બીજામાં આપણે જે દોષ જોઇએ છીએ તે આપણી અંદર છુપી રીતે પણ હોવાનો જ ?

આથી જ ક્ષમાનું મહત્વ છે.

### તા. ૨-૨-૯૦

સાધના કરવા માટે સાધકને માટે એકાંત ખુબ જરૂરી છે કુટુંબમાં એકદમ મેચ થઇ જાય તો વધુ કાંઇ થઇ શકતું નથી છતાં સદ્ગુરૂનું સાંનિધ્ય હોય તો કંઇક ને કંઈક થાય જ છે. પણ ધીમે અંશે, એમ મારૂ માનવું છે.

હમણાં થોડા પુસ્તકો વાંચવા લઈ આવ્યો છું હાલ મન્ટોની શ્રેષ્ઠ વાર્તાઓ વાંચુ છું શહાદત હસન મન્ટો દિલને હચમચાવી નાખે એવા મિજાજથી લખે છે માત્ર ૪૩ વર્ષની આયુષ્યની મર્યાદામાં એણે જિંદગીના કંઇક રંગ અનુભવ્યા છે જે વાર્તાઓ રૂપે આપણને નવીન દિશા ભણી લઇ જાય છે.

## તા. ૩–૨–૯૦

લાગણી અને ઇચ્છાને સંબંધ છે મને લાગે છે કે વિચાર અને સંવેદન શીલતાને પણ સંબંધ છે કલ્પના આપણી મરજી મુજબ થઈ શકે કંઈક અંશે ઇચ્છા પણ. વિચાર એ કંઈક ઊંડુ સ્વરૂપ હોય એમ લાગે છે. ઇચ્છા છીછરી છે લાગણી એ એક જાતનો મોહ છે જયારે સંવેદના વિશાળ છે લાગણી કરતાં સંવેદતાનું ક્ષેત્ર વધારે મોટું હોય છે. અને તેમાં વધુ ઉંડાણુ હોય છે.

## તા. ૬–૨–૯૦

પૂર્ણતા માટે નાની નાની વસ્તુઓ જરૂરી છે. પરંતુ એ પૂર્ણતા એ નાની વસ્તુ નથી. મમતા મનુષ્યને પોતાના ખરા સ્વરૂપનો કદી ખ્યાલ આવવા દેતો નથી. મોહ એ ધીમુ ઝેર છે, આપણે સહુએ દુઃખ, યાતના, બંધન વગેરેનો મકકમ પણે સામનો કરવો જ રહયો.



તા. ૮–૨–૯૦

બાળક સાથે અણછાજતો વ્યવહાર કરવાથી તેના મન ઉપર આપણા વિશેની ખરાબ છાપ પાડે છે બાળકને જેમ તેમ બોલાવવાથી બાળકનો વિકાસ રુંધાય છે. અમુક સમય બાદ બાળકમાં આ બધાનુ રિએકશન જોઇ શકાય છે. અને તે આપણું કહ્યું કરતું નથી આપણે બાળક સાથે પ્રેમથી વ્યવહાર કરતા શીખવું જ પડશે આ ન શીખી શકીએ ત્યાં સુધી કમસે કમ બાળકનું સ્વમાન ન હણાય એટલી કાળજી તો રાખવી જ જોઇએ. તોજ બાળક સંપ અને સહકારથી હળીમળીને કુટુંબમાં રહે એવું મારૂ માનવું છે.

બાળકને જેમ તેમ કહેવાનો હક માત્ર બીજા બાળકનો જ છે. બાળક વડીલોનો વિરોધ બહારથી કરી શકતો નથી પરંતુ મનમાં તો તે ઘણું બધુ સમજે છે. આજકાલ સંયુકત કુટુંબ ચાલતા નથી એનું એક કારણ આ પણ છે.

આજે દરેક વ્યકિત, નાની હોય કે મોટી મન ઉપર જીવવા માંડી છે.



તા. ૧૪-૨-૯૦

સમતાપણું એટલે સુખ દુઃખમાં અંદરથી એક સરખા પણું. કોઈ પણ પ્રત્યે ન રાગ-દ્વેષ કરોડો રૂપિયા હોય અને એક કોડી પણ ન રહે તોય વલખે નહીં એ સમતા છે. એનો ગર્વ નહીં, નથી એનો શોક નહીં. જેમ રામ રાખે એમ રાજી રહે એજ ખરો નિષ્પૃહ.

કૃત્ય અને એનું ફળ-આ બે વચ્ચેનો સંબંધ ગણિતના અટપટા કોયડા જેવો છે જ્ઞાની અને અજ્ઞાની કોઇ આ કોયડો પુરો ઉકેલી શકયા નથી. એટલે જ મને લાગે છે કે દરેક કાર્યનું ફળ ઇશ્વર ઉપર છોડી દેવું. ઇસુને ક્રોસ પર ચડાવવાના હતા છતાં તેને અંદરથી કંઈ ફરક જ નહોતો પડતો ક્રોસ પર ચડાવીને લોકો શું કરશે એનો જરા સરખો વિચાર પણ નહોતા કરતા. અંદરથી જરાય વિચલિત નહોતા થતાં....



તા. ૧૬-૨-૯૦

પરહેજ કે ત્યાગથી મન શાંત થતું નથી. પરંતુ તેનો અભ્યાસ કરવો.

કૂતુહલથી જ્ઞાન પ્રાપ્ત મતુ નથી. કૂતુહલથી પ્રાપ્ત માહિતિ જ બધા બંધનનું કારણ છે. અજ્ઞાન નડતું નથી કે બાંધતુંય નથી. નડે છે અને બાંધે છે કૂતુહલ વૃત્તિ. કૂતુહલ વૃત્તિ મરે પછી મુમુક્ષુપણું પ્રગટે જો પરમાત્મા મને એવું વરદાન આપે કે દુનિયામાંથી કોઇપણ એક પાપ તું નાશ કરી શકીશ તો હું કૂતુહલ વૃત્તિને જ દુનિયા પરથી હાંકી કાઢું.

જ્ઞાન સ્વ ના અભ્યાસથી જન્મે છે.

તા. ૧૭-૨-૯૦

કોઇપણ કાર્યનું મૂલ્ય એમાંથી મળનારા આત્મિક આનંદ ઉપર આધાર રાખે છે. કાર્ય કરતાં અંદરથી આનંદની લાગણી અનુભવીએ તો કાર્ય સફળ થયું કહેવાય

પરાણે કરેલા કાર્યનુ ફળ બરાબર આવતું નથી એમ મારૂં માનવું છે.

## તા. ૧૮—૨—૯૦

આજરોજ સાદુળકા જવાનું થયું. સહજ સાધના મંદિરમાં G ના સાંનિધ્યમાં પુસ્તકો વ્યવસ્થિત કર્યા. શંકરાચાર્ય વિરચિત અષ્ટાદશ રત્નો પુસ્તક વાંચવા લઈ આવ્યો. તેના શ્લોકો રાગથી ગાવાની ગાવાની પ્રેકટિસ શરૂ કરી.

બીજે દિવસે G ઘરે આવ્યા ત્યારે બહુજ આનંદ અને ઉલ્લાસ માણ્યા.

જે સામાન્ય માણસ માટે મેળવવું લગભગ અશકય જેવું હોય એ સંતોને સહજ સુલભ હોય છે. ને તોય તેમને આની કાંઈ પડી નથી હોતી કદાચ એટલે જ સુલભ છે. હું આ મારી સામે જોઈ ખૂબ આનંદાશ્ચર્ય પામ્યો.

## તા. ૧૯—૨—૯૦

વૈરાગ્ય ઉત્પન્ન થાય એજ મહત્વનું છે. વૈરાગ્ય સાધનાની શરૂઆતમાં, સાધના દરમિયાન અને સાધનાની પુર્ણાહુતિ પછી પણ મહત્વનો છે. વૈરાગ્યથી પ્રેમ જન્મે છે. પ્રેમથી સેવા

શંકરાચાર્યના માતા જયારે મૃત્યુ પામ્યા ત્યારે એમના વૈરાગ્યની કેવી કપરી કસોટી થઈ હતી ? શંકરાચાર્યે જે મહાન કામ કરી બતાવ્યું એનો પાયો અહીં છે.

તા. ૨–૩–૯૦

આજરોજ સવારમાં પુજા વખતે સુર્ય નમસ્કારના શ્લોકો બોલતો હતો.

આદિદેવ નમસ્તુભ્ય પ્રસિદમમ ભાસ્કર
દિવાકર નમસ્તુભ્યમ પ્રભાકર નમોસ્તુતે.

☆ ☆ ☆ ☆

આદિતસ્ય નમસ્કારમ યે કુર્વન્તુ દિને દિને
જન્માતર સહસ્ત્રેષુ દારિદ્રમ ન ઉપજાયતે

આ શ્લોકો હું વર્ષોથી બોલુ છું પણ આજે સમજણ પ્રકટી ખરેખર કુદરત આપણું ઘણું ધ્યાન રાખે છે.

સારા અને સાચા કર્મોનું ફળ સારું અને સાચું મળે જ છે ભલેને આપણે ફળ વિષે અજ્ઞાન હોઇએ.

## તા. ૩-૩-૯૦

જાતિ પાતિ નહી હરિ કેરા દેશમાને

જાતિ ભુલવા જન્મારો આખો મથવું પડે તેમ છે કે કોઈ સદ્ગુરૂનું શરણુ મળે તો આ પ્રશ્ન જલ્દી ઉકેલાય તેમ મને લાગે છે.

આજનો નોકરીયાત બહુ ઝડપથી માણસ મટી રહયો છે. આની પ્રતિતિ મોટા ભાગની ઓફીસોમાં થાય છે. કરૂણતા એ છે કે જેને માણસ તરીકે જીવવું છે તેને સહન કરવાનું આવે છે.

સામાન્ય માણસનું જીવન સમાજના ઉપર છલ્લા નિયમોથી ઘડાય છે આ નિયમોથી પકડ જલ્દી છુટતી નથી સદ્ગુરૂ સાંનિધ્યથી આંતરીક જીવનમાં ઘણો ફેર પડે છે હૃદય કુણું પડે છે.

★ ★ ★ ★

તા. ૯–૩–૯૦

ઇચ્છા કરી કે કર્મ બંધાયું આપણે હાલતાંને ચાલતાં કર્મો બાંધતા ફરીએ છીએ આ કર્મોનું ફળ વહેલું મોડુ ભોગવવાનું જ રહે છે.

સામ સામું સામાધાન એ ધર્મ
સામ સામું અસમાધાન એ કર્મ

— દાદા ભગવાન

એસ એસ. સી. ની પરીક્ષા આવી રહી છે પરીક્ષામાં ચોરી એ સાવ સામાન્ય બીના બની ગઈ છે આ કેટલું ઘાતક છે ? વાલીઓ ને પરિણામ મહત્વનું લાગે છે વાલીઓને લીધે બાળકો બગડે છે વિદ્યાર્થી મહેનત કરે એજ સૌથી મહત્વનું છે અને રહેશે.

કુદરતમાં હમેશા સંગતતાજ હોય છે વિ–સંગતતા જેવું કશું છે જ નહી.

* * * *

# PART

# B


## કે. બી. દસાડીયા

સહજ સાધના મંદિર

મું. પો. નવા સાદુરકા

તા. મોરબી જિ. રાજકોટ (ગુજ.)

*Religiovsness, if comes natural, is the most beautiful. Religiousness born through Struggle will not be innocent.*

-Gor

26-8-89

Camp :- Sahaj Sadhna Mandir
SADULAKA

—*—*—*—*—

## તા. ૩૧-૩-૮૯

મન દલાલ છે, શરીર અને આત્મા વચ્ચે મનને જે તરફ ફાયદો દેખાય તે તરફ દોડે છે. આત્મા તરફ કશો ફાયદો લાગતો નથી, એટલે સુખ-સલામતિ તરફ દોડે છે. જ્યારે સુખ-સલામતિ અતિશય જોખમાય ત્યારે મન શરીર તરફથી આત્મા તરફ જાય છે. પણ ત્યાં તેનું વિલીનીકરણ થાય છે. એટલે અસાધારણ સંજોગોમાં જ મન આત્મા તરફ ઢળે છે. પછી સંપુર્ણ ક્રાંતિ ઘટિત થાય છે. શરીર-મન-આત્મા ત્રણેયના દર્શન થાય છે અને પછી આત્મા સાક્ષી રૂપે રહે છે. હવે મન-બુધ્ધિ-ચિત્ત, અહંકાર અને પ્રાણ-ઉર્જા તેમજ કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો બધા આત્માના દાસ જણાય છે. અને આ બધા વચ્ચે સુસંવાદ સર્જાય છે. અંદર સન્નાટો અને શાંતિ સર્જાય છે. સમર્પણ થાય છે બધું જ એ પરમ તત્વને !

તા. ૨–૪–૮૯

સેક્સ કેન્દ્ર (મુલાધાર) અને સહસ્ત્રારને જ્યારે પ્રાણ–ઉર્જા વડે જોડાયેલા એક સાથે જોવામાં આવે ત્યારે સ્વરૂપનો ઉઘાડ થાય છે સાક્ષીના બે પ્રકાર જણાય છે. પ્રયત્ન દ્વારા મનથી કે વિચારથી મનને વિચારને, પ્રાણને, ચિત્તને, અહંને, બુધ્ધિને જોઇ શકાય છે. આ પહેલા પ્રકારનો સાક્ષી પહેલા પ્રકારનો સાક્ષીભાવ પ્રબળ થાય તો કોઇ ધન્ય પળે બીજો સાક્ષી (આત્મા) જાગે છે, પ્રકાશે છે અને જુએ છે તે સહજ સાક્ષી છે. જીવનમાં ક્રાંતિ અને કાંતિ સર્જાય છે.

## તા. ૧૯–૪–૮૯

મનના નાજુક મનોવ્યાપારોને જોઇએ–માત્ર જોતાંજ રહીએ–તો પર બેઠાં ઘણું ઘણું સમજાય જાય મુકત ન થવાની મન હંમેશાં ોશિશ કરે છે સતત અને સુક્ષ્મ રીતે મનનિ આ કોશિશ છે. નહિંતર મુકત થવું ખરેખર અઘરૂં નથી. મનની ભ્રાંતિઓ દુર કરવામાં કુદરત સદા કાર્યશીલ છે. કુદરતના વ્યાપારોને આધીન થઇએ તો આપણે સદા મુકત જ છીએ. અતિ શાંત અવસ્થા પેદા થતાં પહેલાં અથવા થયા પછી મન ચાલાકીથી આપણને એ ધન્ય ક્ષણોથી દુર લઈ જાય છે.

આજે રાત્રે પણ સ્વપ્નમાં ભગવાન બ્રહ્મ વેદાંતને મળ્યો જાગૃત આત્માઓનું સાંનિધ્યં આપણને અનેક રીતે જાગૃત કરે છે. સદ્ગ્રંથોના વાંચન કરતાં પ્રબુધ્ધ ચેતનાઓને ભાવ–પુર્વક મળવું અનેક ગણું વધારે મદદરૂપ છે. પછી તો જાગૃત ચેતના કે સદગુરૂનું સ્મરણ કે દર્શન થતાં સહજ જાગૃતિ આવે છે. સુતા–બેસતાં–કામ કરતાં, કે વાતો કરતાં આવી વ્યકિતઓનું ભાવ પુર્વક સ્મરણ કે યાદ આપણને તેમના જાગૃત પ્રવાહમાં ઢસડી જાય છે. આવી ચેતનાઓને ભાવ પુર્વક અથવા તો તેમને ઓળખીને મળવું એ પણ ભાગ્યશાળી વ્યકિતઓનું મહાભાગ્ય છે. દરરોજ જે થાય છે. તે લખવું અશકય છે. સવારે ઉઠયા પછી 'કંઇક' ચાલું થાય છે. ખાસ કરીને મષ્તક માં કંઇક પ્રવાહ ફરે છે. સતત કંઇક નવું નવું આ અસ્તિત્વમાં ઉતરે છે. ●

તા. ૧૦-૬-૮૯

ખરાબ વિચારો કરવા તે પાપ છે. સંસાર એટલે વિચારો અને આ વિચારો એટલે....? નિર્વાણ એટલે નિર્વિચાર.

સાધના એ અનાજ દળવાની ઘંટી રૂપ છે વિચારો એટલે અનાજ સાધનાની ઘંટીમાં વિચાર રૂપી અનાજ દળાઇ જાય, ....નવુ ઉમેરવાનું ઓછુ કરવું કે બંધ કરવું. વિચારો સંગ્રહિત જથ્થો છે સંસ્કારો છે. વસ્તુ, બનાવ, વ્યકિત વગેરે ના દર્શન, શ્રવણ, સ્પર્શ અને સ્મરણ ના આધારે સંગ્રહિત જથ્થામાંથી વિચિત્ર રીતે વિચાર પ્રક્રિયા ચાલુ થાય છે. આમાંથી વળી નવો જથ્થો બને છે વળી તે ઉપરોકત રીતે ગમે ત્યારે વ્યકત થાય છે સાધના એટલે વિચારો વ્યકત થતાં જોવા........ તટસ્થ રીતે........ જેથી વિચારના જથ્થામાં નવા સંસ્કારો ઉમેરાય નહીં અથવા તો વધુ ઉચ્ચ પ્રકારના વિચારો ઉમેરાતાં જાય જેથી આ નવો જથ્થો વ્યકત થાય ત્યારે અનાયાસે તટસ્થતા આવે.

★ ★ ★

તા. ૨૯-૬-૮૯

સત્યને પામવું કદાચ અઘરૂં એટલે છે કે એ માટે પહેલા અસત્યને ગુમાવવું પડે છે. આપણે 'એકલાં' છીએ. મન હંમેશા 'એકલું' હોય છે. બીજાના સંદર્ભે જ મન જન્મે છે, ટકી રહે છે અને જીવે છે. 'એકલતા' અતિશય દિવ્ય છે અને ભયંકર પણ! એકલતા એટલે સ્વત્વ, એકલતા એટલે આત્મ-રમણતા.

લુટાઇ જવાનો ભાસ થાય,
બરબાદ થયાનો અહેસાસ થાય,
જગથી સાવ નિરાશ થાય,
તોય 'એકલતાં' ન જાય,
ત્યારે કામ થાય !!

* * *

તા. ૭–૭–૮૯

સુત, વિત, દારા, શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને
–પ્રીતમ

'એકલતા' એ 'સત્ય' છે. સમાજ ને સંસાર એ મિથ્યા છે. મિથ્યા વસ્તુ સત્ય લાગે એનું નામ અજ્ઞાન. મૂર્છા એટલે અજ્ઞાન. મન મૂર્છામાં જન્મે છે, ઉછરે છે અને વિકસે છે. 'એકલતા' માં–સંપૂર્ણ એકલતામાં–મન વિલય પામે છે. એટલે એકલતા ભયંકર છે. અંદરથી એકલા થવું ન પડે એ માટેના પ્રયત્નોમાંથી સંસાર જન્મે છે. એટલે સદ્ભાગ્યે આ સંસારમાં કાંઇક ગરબડ થાય ત્યારે થોડીક ક્ષણો આપણે એકલા બની જઇએ છીએ. અધ્યાત્મ એટલે આ એકલાપણું શોધતા શોધતાં વિકસેલા માર્ગો અને અંગુલિ નિર્દેશો. એકલતામાં ભયંકરતા મનને લાગે છે. ખરેખરતો એમાં જ દિવ્યતા છે, ભવ્યતા છે, સામર્થ્ય છે, મહાનતા છે અને ભયંકર પીડા પણ છે. આમ પીડામાંથી એકલતા જન્મે છે. પીડામાં જ એકલતા જીવે છે, વિકસે છે–બસ માત્ર વિકસતી જાય છે....વિકસતી જાય છે....અને અનંતમાં અનંત થતી જાય છે. આ બધુ ખરેખર અદ્ભુત છે !

☆ ☆ ☆ ☆

તા. ૨૦–૭–૮૯

All the scriptures, masters and tricks of the masters are outer and sympathetic. It may help or may not help. No guarantee. After all the self of seeker remains alone and untouched. The agony of this earth is my lovely friend, my only companion and my only fellow-seeker.

*

તા. ૨૧-૭-૮૯

મન મોરા માંહી રે મુંઝાય
અને અમથું અમથું અકળાય
રાખની એ આગ કરે ને
આગની રાખ કરવા જાય

મિથ્યાને વળી સત્ય સમજી
આમ તેમ ગોથા ખાય
મોહ ને વળી લેવે ને મૂકે
પછી પીડા મહીં હિજરાય

ગુરૂ જ્ઞાનનો આડંબર કરી
મન મહાન થાવા જાય

* * *

કોઇ તો કારણ આપો
કોઇ તો મારણ આપો
કશું ન આપો તો કાંઇ નહીં
કોઇ તો મન-મારણ આપો

* * *

તા. ૨૩-૭-૮૯

ચોતરફથી
પીડાં વરસે એવી
પ્રજ્ઞા – પાંગરે !

ભર્યા દરિયે
અશ્રુ વરસે, ઉભા
મોલ – સૂકાય !

આવો તોય ભલે, ન આવો તોય ભલે
ઘુવડ છું, ઘુવડ ગણો તોય ભલે

લોકો આવીને જતાં રહયા,
આકાશે વાદળાં સરતાં રહયા,
ઉદાસીનો કેફ ચડયો એવો,
સાજ વિના સૂર થાતા રહયા

*　*　*　*

ભલે મારી એકલતા ભયંકર છે.
તમારી શત્રુતા તો શરમાય છે.

એવોય દિવસ ઉગે જયારે
મન મહેલ મહેમાનથી ભરાય,
ને રાત વળી વિજોગમાં
તમરાઓથી તરબોળાય.

## તા. ૯–૩–૯૦

મારી મુંગી છાની-છપની વાતો આકાશને કહીશ. આકાશ સિવાય કોઇને અવકાશ જ નથી. ગુરૂએ ગમ આપવા કોશિશ તો કરી, ચાળણી અમૃતથી ભરવા મહેનત તો કરી, પામર જાણી ન આવો તોય સારૂં દુનિયા તો જાહેરાતોથી દુઃખી થઇ છે.

મારા મોહના દરવાજા ખુલતા હતા અને હું વારંવાર બંધ કરવાની કોશિશ કરતો રહયો કારણ કે સુરજના પ્રકાશમાં ઝવેરી આવીને એમ ન કહે કે આ પાંચીકા ને હીરા માની કયાં લગી બેસી રહીશ ? બસ ત્યારથી સુરજનો પ્રકાશ અને ઝવેરી બન્નેથી બચવાની કોશિશ કરૂં છું એટલે જ સ્તો મેં માનેલા હીરા ખોયા પણ પ્રકાશ અને ઝવેરી સાથે અણબનાવ પણ ચાલુ થયો. હવેતો મારી આ વાત જગમાં જાહેર થવા લાગી છે. મિત્રો ઘટવા લાગ્યા, મશ્કરી વધવા લાગી. અંધારાને મેં મારો પરમ મિત્ર માન્યો અંધારૂં મને જુએ નહી અને મારી નિંદા પણ કરે નહીં.

* * *

### તા. ૨૮-૭-૮૯

બધી પ્રવૃત્તિઓ–પછી ભલે તે ધાર્મિક હોય, આધ્યાત્મિક હોય, સામાજિક હોય કે અસામાજિક હોય–તમામે તમામ પલાયન છે. સાચી પ્રવૃત્તિ કઈ? આધ્યાત્મ એટલે શું? આનો ઉત્તર તો કદાચ જ્ઞાની જ આપી શકે. મારા ખ્યાલે તો શાશ્વતને શોધવા માટે જે પ્રવૃતિ કરવામાં આવે તે આધ્યાત્મિક પ્રવૃતિ. સામાન્ય રીતે એવું જણાય છે કે સનાતન નો ઉઘાડ ન થાય, સત્ય પ્રકાશિત ન થાય, પરમાત્મા સ્પર્શી ન જાય એ માટેની જ મોટા ભાગની પ્રવૃતિઓ થાય છે આપણું મન શાશ્વતને જાણવા તૈયાર નથી, ઇચ્છુક નથી. તેથી આ મન વિચિત્ર રીતે પણ સનાતનથી છટકવાની મથામણમાં જ હંમેશ પ્રવૃત હોય છે. જિંદગી જીવવાની, જિંદગી ટકાવી રાખવાની જેટલી જિજિવિષા છે તેટલી જિંદગીને સમજવાની નથી. સલામતિ, સુખ અને સામાજીક મહત્વાકાંક્ષાની પૂર્તિ માટે માણુસ ઝઝૂમતો રહયો છે, ઝઝૂમી રહ્યો છે. કોઈ આદિવાસી જાતિ આ બધું કરે તે કદાચ જરૂરી હોય પરંતુ આપણો આ ભદ્ર સમાજ પણ....!

### તા. ૧૮–૯–૮૯

પ્રકૃતિ દેવી ને પ્રણામ....!

કુદરતને સમજીએ, એની કળા ન્યારી છે. સમજવાથી તે કળા સત્ય છે ન સમજવાથી 'માયા' છે. અને મોહ જાળમાં ફસાઇને કુદરતના સતત ગુનેગાર બનતા રહીએ છીએ.

તા. ૭-૧૧-૮૯

વળી, કાંઈક નવીન પરિસ્થિતિ !! એકલા-એકલા બેસવું ગમે છે. કોઈક આવે એવી ઇચ્છા અને આવે તેની સાથે બોલવા કરતા તેને સાંભળવાની વધુ ઇચ્છા.

કોઈ પણ વ્યકિત સાધક બને એવી પહેલા મારી જે ઇચ્છા હતી અને તે પ્રમાણે જે કામગીરી (!) હતી તેમાં ફેરફાર થયો છે. ધીરે ધીરે ખ્યાલ આવે છે કે કોઇ સાધક આવે તે કદાચ સહેલુ અને સહજ છે પણ પછી જે ગુંચવણો, સમસ્યાઓ વગેરે થાય છે તે ભયંકર છે.

G ના સાંનિધ્યમાં ઘણું સમજાય છે G જે રીતે ટ્રીટ કરે છે તે જોતાં લાગે છે કે હું અત્યાર સુધી જે ઝીંકયે રાખતો તે કેટલું બધું અવિચારી પણું હતું. G વિષે લખવાની ઇચ્છા થાય છે G ના ઘણા શબ્દો, ગૂઢજ્ઞાન, અને સૂક્ષ્મત્તમ પ્રેમ ઊંડાણથી અનુભવાય છે પણ વ્યકત કરવા અસમર્થ છું.

G ને શબ્દોમાં ઢાળી ન શકાય
G ને માત્ર ચાખી શકાય છે....!

આ એવી વ્યકિત છે જેનો આભાર ન માની શકાય, જેની સેવા પણ ન કરી શકાય. G શું ધારે છે, શું કહેવા માગે છે અને આપણે તેની સાથે કેમ રહેવું, તેને કેમ મદદ કરી શકાય અને તેમનું માર્ગદર્શન કેવી રીતે લઈ શકાય તે કશું સમજાતું નથી. ઘણીવાર એમ લાગે છે કે તે મારા લીધે હેરાન થાય છે. તો કયારેક એમ પણ લાગે છે કે G ને લીધે હું હેરાન થાઉ છું. કયારેક ભાવથી હ્રદય ગદગદિત થાય છે, કેટલીક વાર તેના વર્તન અને શબ્દોથી માથુ ફાટ ફાટ થાય છે, હ્રદયમાં ચીરા થાય છે. કયારેક તેની પાસે સંપુર્ણ સલામતિ અનુભવાય છે, તો કયારેક જીવ ચૂંથાય એવી ભયંકર પીડા અને અસલામતિ લાગે છે. એમ લાગે છે કે G મારું રિમોટ કંટ્રોલ છે. જે મને ધારે તો રડાવી શકે, ડરાવી શકે, અને હસાવી શકે. ઊંડાણથી હંમેશા શ્રધ્ધા તોય રહયા કરે છે.

સાધકો સાધકો સાથે રહે, વારંવાર મળે તો નુકશાન થાય છે. ટુંકમાં માસ્ટરના આદેશ પ્રમાણે સાથે રહેવું કે ન રહેવું.

**તા. ૯-૧૧-૮૯**

'સાધના' તા. ૨૨-૧૦-૮૯ ના રોજ જન્મી હતી, જે તા. ૫-૧૧-૮૯ ના રોજ અવસાન પામી. G ના કહેવાથી એની નું નામ 'સાધના' રાખ્યું હતું.

**તા. ૧૬-૧૧-૮૯**

હાલ સુસ્તી, આળસ, ઉંઘ છે. ઘણી ઘણી ચર્ચા થઈ છે. લખાણની અણ-આવડત હોઈ લખી શકાતું નથી. કાંઈપણ ન કરવાની ઈચ્છા રહે છે. એકલના આકરી-કમસે કમ હાલ-નથી લાગતી. ઘણું ઘણું વિચારવાનુ થાય છે. કેટલાક લખવા લાયક વિચારો ઉદ્ભવ્યા છે.

૧ G ના મિશનનાં ભાગરૂપે કાર્ય કરવુ કે નહી ? તે બાબત મનોમંથન ચાલે છે.

૨ બાહ્ય પ્રગતિ, કીર્તિ, પૈસો વિગેરે મળવાના હોય ત્યારેજ એ બધાથી દુર રહીએ તો તે વધુ કલ્યાણમય હોઈ શકે ?

૩ કોઇપણ સમર્થ મનુષ્ય સાથે અતિશય નિકટતાથી રહેનાર એકંદરે કલ્યાણ સાધી શકે છે કે કેમ ? સમર્થ મનુષ્યો જે કાઇ કરતાં હોય તો કલ્યાણમય હોય છે, પરતું તે માત્ર તેની આજુબાજુના મિત્રો પુરતુ સિમિત નથી હોતું. આ વાત આજુબાજુના ચાહક વર્ગે લક્ષમાં રાખવી જોઈએ.

૪ બાહ્ય વિકાસ તરફ બિલ્કુલ દુર્લક્ષ રાખી શકાય ? આમ કરતાં પહેલાં જીવન અને જગતની એષણાઓ તદ્દન મટી જવી જોઇએ.

૫ જો હું સંપૂર્ણ આત્મલક્ષી બની જાઉં તો તે પલાયન હોઇ શકે કે કેમ ?

૬ અથવા ત્યાં સુધી દરેક પ્રવૃત્તિ જાગૃતિથી અને સમજાય તે પ્રમાંણે કરવી ?

૭ બાહ્ય જિંદગીનું મહત્વ ખાસ છેજ નહીં. આંતરિક રીતે જિંદગી શું છે, તે સમજવા માટે જે બધી કુરબાની આપે છે, તે જ તેને સમજી શકે છે.

૮ કુરબાની એટલે ક્ષણભંગુરતાનો ખ્યાલ આવી જવો તે બધું નાશવંત છે. આ સમજવાથી જ કુરબાની ઘટે.

૯ દરેક વિચાર, બનાવ, વ્યવહારને ઘણી રીતે અવલોકવાથી રહસ્ય-સ્ફોટ થઇ શકે. આ માટે શું જોઈએ ? ઇચ્છાશક્તિ, ધીરજ અને સાહસ જીવન આખરે તો શાશ્વત જીવનનું સાધન માત્ર છે. તેનો મોહ શો ? ચિંતા શી ? આમ જીવન જ જીવનનું સાધન છે.

બાહ્ય જગત પ્રત્યેની લાગણી મરી જઇ શકે ? જો મરી જઈ શકે તો તે સારૂ જ હશે કેમ કે ત્યાર પછી જ સંવેદનશીલતા અને સમજણ જન્મે. આપણે શું કરીએ છીએ ? લાગણીઓને મઠારવાનું કાર્ય કરીએ છીએ. આપણા સુખ-દુઃખ આ લાગણીઓને મઠારવાની વૃત્તિઓનું પરિણામ છે.

સ્વામી વિવેકાનંદ, બ્રહ્મવેદાંતજી, મોરારીબાપુ વિ. ની પ્રવૃત્તિ આધ્યા. ક્ષેત્રે છે તે ગુરુભાવે છે કે સાધક ભાવે ? જો ગુરુભાવે હોય તો તે યોગ્ય નથી. જો સાધક ભાવે હોય તો તેઓ શા માટે પ્રવૃત્તિ કરે છે, તે સમજાતું નથી. આમાં ઘણું બધું સમજાતું નથી, કોઈ માસ્ટર

પોતાના અમુક શિષ્યને કાર્યધુરા સોંપે તે સમજાતું નથી. માસ્ટરને ખબર હોય છે કે પોતાનો શિષ્ય કોઇપણ સાધકને નક્કર મદદ કરી શકે તેમ નથી, તેમ છતાંય આવું જોવા મળે છે. હું જે કાંઇપણ કાર્ય કરૂં છું, તેમાં આ સમજવું જરૂરી જણાય છે. જ્યારે કોઇપણ સાધક બીજા સાધકને આધ્યા. મદદ કરવા જાય છે ત્યારે વધુ ગુંચવાડા ઊભા થાય છે. મારી સમજણ પ્રમાણે તો હું ઘણું ખોટું કરી રહ્યો છું.

૧ **એકાંત** – બની શકે તેટલો સમય એકાંતમાં રહેવું. બીજાઓને મળવાનું થાય ત્યારે અંદરથી એકાંતમાં રહેવું. G ને મળવાનું થાય ત્યારે વધુમાં વધુ અભ્યાસુ બની જવું.

૨ **શાંતિ**–દરેક પરિસ્થિતિમાં સક્રિય રહેવું. આક્રમકતા એ હિંસા છે અને પોતને જ નડે છે.

૩ **ભાવ**–સાધક ભાવ રાખવો. ઉપદેશ દેવાની કે સમજાવવાની પળોજણ થી બચવુ. કોઇપણ વ્યક્તિ કશુંક સમજવા આવે ત્યારે જાણવું કે ચોર કે ખિસ્સા કાતરૂ પધાર્યા છે. ?

૪ **પ્રચાર કાર્ય**–પ્રચાર કે પ્રસાર ન કરવો. ગામમા કોઈ અજાણી વ્યક્તિ કોઇનું ઘર પુછે ત્યારે જે મર્યાદિત પ્રત્યુતર અપાય છે તેના જેટલી કાળજી રાખવી.

૫ **કૌટુંબિક**–પુત્ર, પત્નિ કે સગા-સબંધીઓને પણ આધ્યા પ્રવૃતિમાં ખેચવા પ્રયત્નો ન કરવા, ન રોકવા.

૬ **ફરજો**– ઘર, કુટુંબ, નોકરી, સમાજ વગેરે પ્રત્યે જે અત્યંત જરૂરી ફરજો બજાવવાની રહે છે તે બજાવવી. હકકની માગણી કરવી નહી.

**દૈનિકપ્રવૃતિ**–ફરજો ઉપરાંત એકાંત, વાંચન, મનન, ધ્યાન વગેરેમાં રહેવું.

૮ **વલણ** – તમોગુણમાં રહેવું. રજોગુણ જરૂર પુરતો, સત્ય અંગે હાલ વિચારવું જ નહીં ! તમોગુણમાં રહેવા માટે ઉપરોક દરેક મુદ્દા મદદ રૂપ છે. તદુપરાંત જૂથમાં ન રહેવું. જાહેર પ્રવૃત્તિ બિલ્કુલ બંધ કરવી, રાજકારણી, રજોગુણી, તથા સ્ત્રી તેમજ સાધક મિત્રોના સંપર્ક માં બહુ ન રહેવું. વાદ-વિવાદ, ચર્ચા બંધ કરવા શરીર, મન, કપડા, ખોરાક, લાગણીયુકત સંબંધો માંથી મન (જીવ) ખેંચી લેવો.

૯ **ઝડપ** – કોઈપણ કાર્યની શરૂઆત ૫-૧૦ મિનિટના અંતરાય પછી કરવી દરેક બાબત પ્રત્યે માનસિક રીતે નેગેટિવ વલણ રાખવું. જે બની રહ્યું. છે, તે મિથ્યા થવાનું નથી, કોઇપણ વસ્તુની પ્રાપ્તિ કરવાની નથી, જે છે તેને મેળવવા જવાનું નથી.

૧૦ **સંબંધો** – નવા સંબંધો કરવા નહીં જુના સંબંધો તરફ ધીરે ધીરે નિર્લેપતા કેળવવાની.

**તા. ૧૭-૧૧-૮૯**

મોરબી ગયો. રાત્રે મોટર-સાઇકલ વેચ્યું. માણસને મૃત્યુ વખતે મોહ કેટલો નડતો હશે તેનો અણસાર આવ્યો. સામાન્ય વાહન વેચતા તેના પ્રત્યેનો ઉપયોગિતાનો મોહ, લોકો શું કહેશે, ઘરના શું વિચારશે વગેરે ભય મિશ્રિત, કીર્તિ મિશ્રિત અહંકાર વગેરેના દર્શન થયા. ખરેખર મૃત્યુ સમયે આ બધી કાચી માટીની દિવાલોને છોડીને જવાનું હોવાથી આંચકો લાગે છે. જીવનમાં ઉપયોગમાં લેવાયેલા સાધનો સાથે અહંકાર ભળી જઇને કેટલી મોટી કેદ ઉભી કરે છે !

તા. ૨૨-૧૧-૮૯

સાધક વ્યવહારમાં ન ગુંચવાઇ જાય તે વધુ ઇચ્છનીય છે. કિર્તિ અને પૈસા ન હોય તો, વધુ નુકશાનકારક નથી. સેવામાં ન પડવું જોઇએ. સંઘર્ષ, ઇર્ષા, દ્વેષ અને અહંકાર વિગેરે જ મોટે ભાગે સેવાનાં મૂળમાં હોય છે. તેમાં કીર્તિ મળે તો વધુ ગુંચવણો પેદા થાય છે. દાન, સેવા, પ્રચાર.... વિગેરેની પળોજણ માંથી બચીને વ્યકિતગત તપ, નિષ્ઠા, અને પ્રેમ વધતા રહે તે અંગે હવે મારે વિશેષ ખ્યાલ રાખવાની જાગૃતિ પેદા થઈ છે. આ રોજનીશીનું નામ આજથી રાખવામાં આવ્યું છે. આમ તો આ અઠવાડિયા દરમ્યાન આ વિચાર સ્ફૂર્યો હતો 'આત્મ-સંવાદ' જેવું નામ પસંદ થયું છે. આ લખાણ બધું મારા માટે છે. મારા જીવન વિકાસ ને અનુલક્ષીને જ વધુમાં વધુ લખવું એવો નિર્ણય થયો એટલે આમાં સ્વગતોકિત કે મનન-ચિંતન કે આત્મસંભાષણ, થાય તે વલણ રાખવું. સાધકને વારંવાર હેમ્લેટ જેવી દશામાં જીવવાનું થાય છે શું કરવું, શું ના કરવું, વિશ્વાસ અને અવિશ્વાસ, પ્રેમ અને નફરત, જીવવું કે મરવું.... વગેરે વગેરેની ગડમથલ એકલો એકલો કરે છે. વારંવાર નર્વસનેસ આવી જાય છે આ અઠવાડિયામાં આવું ઘણું ઘણું અનુભવાય છે એટલે આ રોજનીશી આજથી વધુને વધુ 'અંગત' બને તેવો પ્રયત્ન કરવાનો રહે છે.

છાતીમાં બન્ને ફેફસાંની વચ્ચે જીવ ચૂંથાય છે. આવું કયારે કયારે બને છે ? જયાં કશો વિશેષ સંબંધ બંધાયો હોય અને ત્યાં કશી ગેરસમજ વાળા શબ્દો સાંભળવા મળે ત્યારે !

માસ્ટર અને તેના સાધક સાથેના સંબંધોમાં કશુંક અગમ્ય હોઇ છે, બાકીના બધા સંબંધો – ભાવના, માનસિક અને સામાજીક ફેરફારને પાત્ર છે.

મારે વધુ તટસ્થ રહેવાની જરૂર છે.

જયારે કોઇપણ વ્યકિતના સંબંધમાં આવવાનું થાય ત્યારે તેને માત્ર સાંભળવી અંદર સતત સંભાષણ ચાલતુ રહે છે તે જોવું. જીવ ચૂંથાય ત્યારે ધ્યાન થતું હોય છે, તેને માણવું – થવા દેવું. હું સતત પલાયન કરૂં છું તે સમજવું. કોઇને પણ મળવાનું થાય ત્યારે સાવધ, મૌન અને તટસ્થ રહેવું.

દરેક મનુષ્ય ભયંકર જણાય છે. કયાંક, કોઇક શાશ્વતતાને રખે સ્પર્શી ન જાય તેની કાળજી અનકોન્સ્યસલી લેવાય છે. એ સાધક મળે ત્યારે આ પ્રક્રિયા વેગવંતી બને છે. આસુરી શકિતના રાક્ષસી પંજામાં સપડાયેલું મન ઝીગ-ઝેગ ની ચાલ રમે છે. મારે તો એકવાર બોલવું દશ વાર વિચારવું, લોકો બોલે છે ત્યારે વિચારવાનો અવકાશ નથી રાખતા, જે કાંઈ બોલાય છે, તે ટેપ ઉખડે છે. જે કાંઇ સંભળાય છે, તે ટેપીંગ થાય છે. જે કાંઇ વિચારાય છે, તે બન્ને કરે છે જયારે જાગૃતિ હોય છે ત્યારે આ બધું ચળાય છે. આ ચાળવાની પ્રક્રિયા વસમી છે. એને માટે પ્રબળ વિલ-પાવર અને સાહસ જોઇએ. જેને આપણે જીવન માનીએ છીએ તે તો ખરેખરા જીવનનો અલ્પ ભાગ જ છે. જીવનને જાણવાની પ્રબળ ઇચ્છા, પ્રબળ સાહસ અને ન્યોચ્છાવરી હોય તો બાકીનું બધું સરળ થઈ જાય.

એકાંતમાં અથવા કપરી પરીસ્થિતિમાં લોકો વચ્ચે જીવવું એ બન્ને સરખું છે. વ્યવહારમાં કેમ રહેવુ ? અંદરથી અવાજ આવે તે પ્રમાણે ? અંદરથી અવાજ નથી આવતો તો ? લીસ્ટ રેઝિસ્ટેન્સથી ? તેમાં પલાયન છે કે મોહ ? ભય છે કે કેમ ? સામાજીક ગુલામી એટલે શું ? શરીર, મન, ભાવ.... સમાજના છે તે સમાજને અર્પણ નથી થતાં તે સામાજીક ગુલામી છે. આ બધું સમાજને અર્પણ થાય તો ગુલામી મટે. પાછળ જે છે તે મારૂં કે તારૂં કે સમાજનું નથી. જે છે તે ચુકવવાનું છે. જે મળે છે તે પણ ચુકવવાનું છે. હું ચુકવવા માટે આવ્યો છું.

પ્રાણને શાંત કરવો. પછી પ્રાણને સ્થિર કરવો. પછી પ્રાણથીજ કાર્ય કરવું. પ્રાણ મહત્વનો છે.

એક દિવસ રાતે બ્રહ્મવેદાંતજી પાસે માધવપુર ગયો. બધા નાચતા હતાં. હું પણ નૃત્ય કરતો. તે વખતે શરીર વિશાળ બની જઇને અહીંથી તહીં વિચરતું હતું. વજન અનુભવાતું ન હતું. તેની પછવાડે જાગૃતિ હતી.

પ્રાણને શાંત કરવા શું કરવું ? શરીર અને બધી ઇંદ્રિયો પ્રાણ દ્વારા કાર્યાન્વિત છે. તે જોવું અને તેમની પાછળ પ્રાણના ખર્ચમાં કરકસર કરવી. પ્રાણ મહત્વનો છે તે જીવ છે કે શિવ ખબર નથી. પરંતુ તેને જીવની જેમ સાચવવો, શિવની જેમ સદુપયોગ કરવો. બની શકે તો પ્રાણમય જ રહેવું.

સાધક સાધક વચ્ચે, ગુરૂ શિષ્ય વચ્ચે પ્રાણના સંબંધો હોઈ, વધુને વધુ પરિણામદાયી છે અને કોમ્પિલીકેશન્સ પણ છે.

સંવેદનશીલ વ્યક્તિમાં પણ આમ જ બનતું હશે. મારો પ્રાણ અવ્યવસ્થિત થાય, ગુંચવાય, જીવ રૂંધાય....તેમાં કાંઈક આવું જ હશે.

એકાદ સામાન્ય વાત કોઈ કરે, અને અંદર જીવ ચૂંથાય. G બાલિશતા વાપરે ને જીવ ચૂંથાય, G નું બોલવું ન સમજાય અને જીવ ચૂંથાય.... કરવું શું ? એવું લાગ્યું છે કે મહાપુરૂષો, જાગૃત ચેતનાઓ અને ખાસ કરીને માસ્ટર્સ પ્રાણ દ્વારા જ કાર્ય કરે છે. શબ્દો, ભાષણ વગેરે ઔપચારિક માધ્યમ માત્ર છે. પણ મારે પ્રાણ માટે શું કરવું ? Let me try !

૧ પ્રાણની આગળ બધા સરખા છે.

૨ મન, બુદ્ધિ, અહંકાર, શરીર, સંપત્તિ, સંતાન, સ્ત્રી....વિગેરેનું પલ્લું હળવું થાય તો પણ પ્રાણને પ્રાધાન્ય આપવું.

૩ પ્રાણને શાંત કરવા પ્રાણ ઉપર ધ્યાન આપવું.

૪ બધી ઇંદ્રિયોને સમેટી–કાચબાની જેમ–અમુક સમય રહેવું. નહિ ઊંઘ, નહિ જાગૃત્તિ, એવી તંદ્રામાં પડી રહેવું.

૫ પ્રાણમાં ગરબડ કયા માધ્યમ દ્વારા થાય છે તે જાણવું. દા. ત. મને શબ્દ દ્વારા, સ્પર્શ દ્વારા પ્રાણને વધુ અસર થાય છે તો તે બન્ને ઇંદ્રિયો પ્રત્યે આવી અસર થાય ત્યારે પલાયન ન કરતાં મૌન અને સાક્ષીભાવે સહન કરવું. અને આજ રીતે દ્રષ્ટિ અને ઘ્રાણનું પણ સમજવું.

૬ તદુપરાંત આવી અસર કઈ કઇ વ્યક્તિઓ પાસે, કયા સ્થળે, કેવા સમયે થાય છે તે જોવું. આ માટે પરિસ્થિતિઓ ઊભી ન કરવી અને પરિસ્થિતિઓ ઉપસ્થિત થયે તેં સાક્ષીભાવે સહેવી.

૭ પ્રાણ અંગેનું સાહિત્ય વિવેક બુદ્ધિ રાખીને વાંચવું.

૮ પ્રાણ અંગે માસ્ટરને પૂછવું.

૯ મોટાભાગના લોકોને મારા પ્રાણની ચિંતા ન હોય, તે કડવું સત્ય સ્વીકારવું. પોતાના પ્રાણ અંગે જાગૃતિ ન હોય તો પણ અચેતન મન દ્વારા દરેક પોતાના પ્રાણને સલામત રાખવા માગે છે. બીજાના પ્રાણને ડિસ્ટર્બ કરવાની જે અનકોન્શ્યશ વૃત્તિ છે, તેનું કારણ શું હશે ?

– કદાચ બીજાની શક્તિ લઈ લેવાની પ્રક્રિયા હશે.

– કદાચ પોતે ડિસ્ટર્બ્ડ હોઈ, ગૂંચવણમાંથી પલાયન હોય.

– કદાચ આ રીતે કુદરત સૃષ્ટિ વિકાસનું કાર્ય કરતી હોય.

**તા. ૨૩-૧૧-૮૯**

આજે લોકીકે ગયો. સતત ચિંતન, અંદરથી એકાકીપણું. ગઈ રાતનો ઉજાગરો. તેથી ઊંઘ આવતી હતી અને કુટુંબના માણસોને મળવામાં, તેમની સાથે ભળવામાં તકલીફ. કેટલુંક જાણવા પણ મળતું હોય. જિંદગીની ક્ષણો આવી બિનજરૂરી બાબતોમાં બગાડવી પડે છે તેની અકળામણ વળી એમ પણ થાય છે કે સાધકો સાથે મળું છું ત્યારે પણ કાંઇક અજંપો તો રહે જ છે. સાંજે એક મિત્રના ઘેર ગયો ત્યારે એમ લાગતું હતું કે હું મારાથી પલાયન કરૂં છું. પલાયન થવામાં ક્યારેયે, ક્યાંયે સફળતા નથી. પાછું બીજું પલાયન ત્યાંથી થતું હોય છે.

તા. ૨૪-૧૧-૮૯

લોકસભાની ચૂંટણી. એક મિત્ર મળવા ઘેર આવ્યો. ચર્ચા પછી થયું કે મારે તો બોલવાનું નહીં-સાંભળવાનું છે, તો આ બધું કેમ બોલાયું? પ્રકૃત્તિ, સ્વભાવ કે પલાયન?

બપોરે બીજા મિત્રને મળ્યો, વળી ચર્ચા, મિત્રોની ઘણી વાતોથી નારાજગી થતી હોય છે તેમ છતાંયે કોઈ અગમ્ય કારણ કે લાલચથી આ બધું ચાલ્યા કરે છે. સાંજે સર્કસ જોવા ગયા. વળતાં G મળ્યા અને પીડા ચાલૂ થઇ. G ને પણ ખબર છે. આ વિષે ઘણું લખવું એવું વિચારાયું. ધ્યાન જેવું હતું. વાહનમાં બેઠો હતો ત્યારે પણ. ઘરે પહોંચ્યો ત્યારે ત્રણ મિત્રો મળવા આવ્યા અને બધું બંધ થયું.

જીવ ચૂંથાતો હતો, હું જોતો હતો. G સાધક મિત્રો વચ્ચે મારી જે રીતે સાધના કરાવે છે, તે દેખાતું હતું.

મેં G ને આ પ્રમાણે લખ્યું.

Dear G.,

When one knows a trick, as a trick, it is no more a trick. Please find out sum more tricks that i do not know I AM READY TO BE RUINED. Do perfect whatever you do Don't leave me on half way down.

મને લાગે છે મારો પ્રાણ બીજા સેન્ટર પર છે.

I try to know the PRAN —

I think it works up-to my heart G. tries to move it away from body and heart. and when the PRAN leaves any centre, it creats PEEDA ! There is nothing to lose, but mind thinks this as a dangerous situation. Life is not to be saved. It is to be rained. But the previous mind is not ready.

Mind is very strange,

વો સલામતિ કે વક્ત અપના વિનાશ ચાહતા હૈ,
ઔર વિનાશ કે વક્ત અપની સલામતિ ચાહતા હૈ.

Sometimes I know more than G about me, about my welfare and about the trick, played to me,

And the SHRADDHA is always there that whatever G. does, is always for my benifit.

જ્યારે જ્યારે મહત્વનું ઘટતું હશે, ત્યારે ત્યારે પીડા અનિવાર્ય હશે ? કે પછી આ પીડા મોહના પ્રમાણમાં થતી હશે ? માસ્ટર જ્યારે ‘ વર્ક ’ કરે છે ત્યારે મારામાં કશુંક ઉપર જવા મથે છે. અને આ રીતે કશુંક નીચે રહેવા મથતું હશે. ઉપર જવા માટે નીચેની બધી જાણીતી બાબતો, સંસ્કારો છોડવાના થતા હશે. નીચે રહેવામાં ઉપરની અજાણી બાબતોને છોડવા–મેલવા જેવું રહેતું નહિ હોય જેથી વારંવાર

પલાયન થતું હશે. ફરી ફરીને આવું થતું રહે તો કદાચ જીવ સાહસી, કંટાળા ભરેલો અને મરણીયો થઇ જતો હશે. ક્યારેક મોટું પલાયન પણ કરીને ઇન્ટર્વલ રાખી દેતો હશે. શિયાળ સીમ ભણી ખેંચે, કૂતરું ગામ ભણી ખેંચે, આ બે વચ્ચે થતો સંઘર્ષ એ જ 'પીડા' કે નહીં!!!

**તા. ૨૫-૧૧-૮૯**

પૂજ્ય મોટાનું 'જીવન-સંદેશ' પુસ્તક વાંચતાં વધુ જાણકારી મળી. આ બુક અગાઉ જોયેલી. કદાચ થોડું ઘણું વાંચેલું પણ હાલની પરિસ્થિતિમાં વધુ ફીટ આવતી હતી. સાધક અને ગુરુ, સાધક-સાધક, ગુરુનું કાર્ય વગેરે લેખો સીધા મારી અંદર ઊતરી જતા હતા. પૂ. મોટાને ખરેખર કોઈ અતિશય મોટા માણસ સાથે સંબંધ થયો હશે. અધ્યાત્મ અને તેમાંય ખાસ કરીને સદ્‌ગુરૂનું કાર્ય કેટલું વિશાળ, અગમ્ય અને યુક્તિઓવાળું હોય છે!

હવે મને બીક લાગે છે. જીવનની જે અજ્ઞાનમય ક્ષુલ્લકતાઓ છે તેનું આકર્ષણ પણ ઘણું અનુભવાય છે. પ્રેમની ભૂખ અનુભવાય છે.

**તા. ૨૬-૧૧-૮૯**

ગઇ કાલે રાતે G આવવાના હતા ન આવ્યા. આવે તોય બીક લાગે. અને ન આવ્યા તોય ચિંતા ચાલુ રહી. કોઇ સદ્‌ગુરૂના આપણી પ્રત્યેના જાગૃત્તિ માટેના પ્રયત્નોમાં જાણી-સમજીને સહકાર આપવો અઘરો છે. G મારા માટે જે પ્રયત્ન કરે છે તેમાં મારા અને

અન્ય સાધક વચ્ચે તે વિચિત્ર પરિસ્થિતિ કે પ્રાણમય સંઘર્ષ ઊભા કરે છે તે પીડાજનક છે અને પરિણામદાયી છે.

મને આવું કેમ થાય છે? તે પ્રશ્ન જાતને પૂછી પૂછીને થાકયો છું ઘણી બધી અટકળો થાય છે.

પીડા ધ્યાન બને છે, સમજણપૂર્વક સહન કરીએ તો....!

ઘણીવાર પીડા–ધ્યાનમાં રહ્યો. એક સાથે વીંછીઓ કરડતા હોય, શરીર અને મનના કોષ ઉદ્દિપ્ત થયા હોય, સમય મુશ્કેલીએ પસાર થતો હોય અને આ વેદના ફક્ત આપણે એકલા જ અનુભવતા હોય, કોઇને કશી પડી ન હોય એવું લાગ્યું.

**તા. ૨૭–૧૧–૮૯**

અમુક સમયે જે કાંઇ માંહી ઘટે છે તે યથાયોગ્ય લખવું અશકય છે. આ ડાયરી આત્મ–સંભાષણ બને તેવો પ્રયત્ન છે, પણ એ ખરેખર અઘરૂં છે. લખતી વખતે જાણ્યે અજાણ્યે કોઇકિ અન્યને ઉદ્દેશવાનું યતું હોય છે. આ માત્ર મારા માટે કેમ બનતું જ નથી?

બધા સાહિત્યકારો તેમજ ધર્માત્માઓનું લખાણ અન્ય માટે હોય છે. આપણા વિચાર અને સ્વગતોક્તિ પણ અન્ય માટેનાં જ હોય છે. ‘ હું ’ મારામાંથી ‘ અન્ય ’ ને કાઢવા કોશિશ કરવા મથી રહ્યો છું.

G, તમે હજુ બરાબર આખેટે નથી ચડયા. સૂક્ષ્મભાવ ઘણીવાર વિચારનું સ્વરૂપ લઈ શકતા નથી જેથી ઘણું બધું અગત્યનું લખવું રહી જાય છે. સૂક્ષ્મભાવ પણ સતત પરિવર્તિત થતા હોય છે. અચેતન

મનમાં આ રીતે ગાંઠો પડી જાય છે. પરિણામે ચિત્ત અશુધ્ધ થાય છે. પ્રાણને ત્યાં વહેલું મોડું કામ કરવું પડે છે. સાધના લંબાય છે.

માયાનું પ્રાબલ્ય અતિશય છે. જીવ કરોળિયા જેવો છે. જીવનો સ્વભાવ જ એવો લાગે છે: પોતે માયાની જાળ ઊભી કરવી, ફસાઈ જવું, ફસાઈ ને છુટવા પ્રયત્ન કરવા, છુટીને પાછી જાળ બનાવવી....

અહંકાર રૂપાળા ફળ જેવો છે.

તા. ૨૯-૧૧-૮૯

૧ સ્ત્રી અને પુરૂષ મળી વિચાર, કાર્ય, ભાવ, વગેરેની સાંકળ થાય છે. ભૌતિક અને આધ્યા. પ્રગતિનો ઘણો આધાર સ્ત્રી+પુરૂષ પર હોઇ લગ્નજીવન લગભગ અનિવાર્ય જેવું છે. કોઇ કોઈ સ્ત્રી-પુરૂષ એવા નીકળે, જેમાં એકની અંદર બંને સમાયેલાં હોય.

૨ અતિશય હળવાશના સમયે બીક લાગી....અને ...રોમે રોમે ચાર્જ્ડ થયા.

૩ હાય જીવન, તે ચોર્યું મૃત્યુ મારૂં, વાપસ કર.

૪ G શક્તિ ( સિધ્ધિ ) એનો ઉપયોગ કરે છે.

૫ જીવતાં મરી જવાની કોશિશ એટલે આ બધું.......!

૬ 'એમ' પણ નહીં 'ઓમ' પણ નહીં, અને મારા માટે 'આમ' રહેવું મુશ્કેલ છે.

૭ અહંકારને મારવા શક્તિ જોઇએ, મમતાને મારવા ભૂખ. કયાય જીવ લાગતો નથી. આ પીડા કોઇ જોઈ ન જાય, જાણી ન જાય, તેની જાણે કાળજી રાખીને વધુ પીડા ઊભી કરૂં છું. મનમાં થાય છે કે મરવું હોય તો હાનિ–લાભ, ફાયદા–કાયદા શા ?

૮ કોઈ સાધક મારી પાસે આવો નહીં. ગેર-સાધક પણ ન આવે તે ઇચ્છનીય છે. રામકૃષ્ણ દેવ કહેતા : આવો.... આવો.... હું પોકારૂં છું : ન આવો.... ન આવો.... મુજ ગરીબનું લિલામ જોવામાં કોઇને શું ફાયદો ?

૯ કીર્તિની બીક લાગી. સામાજિક વેલ્યુ હમણાં ઘટી છે. ઘણાં આવતાં બંધ થયા સારૂં થાય છે. માંહી જીવ બળે છે. અહંકારને બીક લાગી. અહંકાર હોય ત્યાં બીક તો હોય જ. અહંકાર હોય ત્યાં સંસાર હોય છે. સંસાર અળસિયાં જેવો છે. તોડીએ તો બે સંસાર !

૧૦ આ ડાયરી ધરાર અન્ય માટે થાય છે. મારે આત્મ–સંભાષણ લખવું છે પણ આ 'મન' કયાં કયાં જોડાયેલું છે ! મન નું અસ્તિત્વજ 'અન્ય' ના પાયા પર હશે ? 'અન્ય' છે એટલે 'મન' છે, કે 'મન' છે એટલે 'અન્ય' છે ? આ પ્રશ્ન લખતી વખતે પણ અચેતનમાં 'અન્ય' ને સંબોધન થયું કમાલ છે ને ? બુધ્ધિ, મન, બધી ઇંદ્રિયો અન્ય સાથે જોડાયેલી છે. અહંકાર કદાચ સ્વનેજ સ્પર્શતો હોય, અહંકાર તો આશ્ચર્યનું પણ આશ્ચર્ય છે ! વળી અહંકાર સ્થુળ રૂપે દરેક સાથે જોડાયેલો છે. બાહય જ્યાં જ્યાં જોડાયેલો હોય ત્યાંથી રિટર્ન થઇને અહંકાર એકલો એકલો જ રહે તો ? આમ રહી શકે તેવી શકયતાઓ દેખાય છે.

**તા. ૩-૧૨-૮૯**

જિંદગીનુ પડીકું વાળીને કયાંયે મુકી શકાતું નથી. જિંદગી કોહવાઈ ન જાય એટલા માટે ફ્રીઝ માં પણ મુકી શકાતી નથી, દરેકે જિંદગી ભર કાંઈકિ ને કાંઈકિ કરવું પડે છે. સમજણ પુર્વક જીવાય તે મહત્વનું છે. જાગૃત્તિ વિના પણ જીવન રગશિયા ગાડાંની જેમ વ્યતીત થઇ જાય છે.

**તા. ૬-૧૨-૮૯**

**How to live ? How to be have with others ?**

દરેક બનાવમાં, દરેક સબંધમાં, દરેક વ્યકિત સાથે, દરેક વાર્તાલાપ અને વર્તનમાં અંદર તટસ્થ પણું રાખવું. આ મારા માટે શકય છે? સરળ તો નથી જ. હું કઇ રીતે વર્તું છું? સલામતી અને કીર્તિ, સત્તા અને સંપતિની લાલચ જણાય છે. આ ચારેયની તમા ન હોય તો તટસ્થપણુ વિકસે. પછી વર્તન અને જીવનમાં કવન હોય, પ્રેમ હોય. પ્રેમના પાયા પર જ તટસ્થપણું વિકસે. હાલ જે તટસ્થપણું થોડીવાર માટે હોય છે તે નિરાશા, દ્વેષ, નફરત, અસલામતિ વિગેરે પર આધારિત હોવાનું જ. વ્યકિત ખરા અર્થમાં તટસ્થ ત્યારે જ હોય જ્યારે તે માલીપા થી સ્વતંત્ર હોય.

પણ... આ બધું ખુબજ કપરૂં છે જ્યારે હું હજુ વિકાસની પ્રક્રિયામાં છું ત્યારે તો આ બધું કરવા જતાં દંભ અને અધાર્મિકતા જ વધે.

શું મારું વર્તન રિએકશન માત્ર છે? હુ જે ડાહયા ડાહયા વિચારો કરૂ છુ તેની પશ્ચાદ્‌ભુમિકા શું છે? કદાચ હુ બચવા માંગું છુ

મહત્વના બનવાની ઇચ્છા કેટલી બધી ખતરનાક છે? સામાન્ય બનવાની કોશિશ હું કરતો નથી. આ જે કાંઈ સાધના અને અધ્યાત્મના નામે મારાથી થાય છે તે બધું અસામાન્ય બનવા માટે થાય છે. હોશપુર્વક નહી તો બેહોશીમાં. પરિણામે સાધનામાં દ્વેષ અને હરિફાઇ દાખલ થાય છે.

મન કહે છે : 'મરી ફીટો' આમ અત્યારે કહે છે મનને ખબર છે કે અત્યારે આમ કહેવામાં કાંઇ જોખમ નથી.... !

**તા. ૮-૧૨-૮૯**

પ્રાણ-ઉર્જાનું શાસ્ત્ર જાણવામાં આવે તો કેટલુંયે ન થઈ શકે. ?

મોહ ને પ્રેમ સમજવામાં આવે છે; લુચ્ચાઈ ને જ્ઞાન ! આ રીતે આપણે બંધન વધારતાં જઇએ છીએ હું સતત મુકત થવા સિવાયના પ્રયાસો કરૂં છું. અને હું મને સતત છેતરું છું

**તા. ૧૩-૧૨-૮૯**

કોઈ વસ્તુ, વ્યકિત કે વાત બાબતમાં સંઘર્ષ થાય ત્યારે શું કરવું ? મન તે વસ્તુ, વ્યકિત કે વાતથી છટકવા કોશિશ કરે છે મન અનિચ્છનીયથી ભાગે છે. પરંતુ ખરેખર સાચો રાહ કયો છે? એવો પણ વિચાર આવે છે કે પ્રતિકારક વલણ કેળવવું. એમ પણ લાગે છે સાક્ષીભાવ પણું જાળવવા કોશિશ કરવી. જીવનમાં આવું તો સતત બન્યા જ કરવાનું. મારા અસ્તિત્વ માટે ખરેખર શું જરૂરી છે ?

જે સમયે જે નિર્ણય લેવાય તે નિર્ણય તે સમયે ૧૦૦ ટકા લેવાવો જોઇએ. એવું તારણ અત્યારે નીકળે છે.

આપણે સમાજ માટે છીએ કે સમાજ આપણા માટે ?

તા. ૧૪-૧૨-૮૯

તર્કબધ્ધ લખાતું નથી. 'મન' ની અંદર જે ચાલે છે તે પણ ચોકકસાઈ પુર્વક લખી શકાતુ નથી. સુક્ષ્મ વિચાર, સુક્ષ્મ ભાવ વ. ઝીલવા અઘરા છે. કયારેક ઝીલાય તો લખવાની હિંમત નથી રહેતી ! ! ! વ્યકત થતાં 'વિચારો' અને 'માંહી' ચાલી રહેલા 'ભાવ' વચ્ચે ઘણુ અંતર, ઘણો વિરોધાભાસ, રહે છે.

'મન' કુદરતની મહા અજાયબી છે !

તા. ૨૦-૧૨-૮૯

સ્વભાવ એટલે શુ ?

માણસ જે ઢબે જીવે છે તે એની મજબુરી છે. અનિચ્છાએ પણ માણસે આ ઢબે જીવવું પડે છે. આ આપણો 'સ્વભાવ' નથી.

બે મિત્રો મળવા આવ્યા હતા. તેમની સાથેની વાતચીત દરમ્યાન કાંઈક જાગૃતિ રહેતી હતી.

સવારે રોજ મોડો ઉઠીને અફસોસ કરૂં છું. કસરત, સ્તુતિ વગેરે કરવાનું નક્કી કર્યુ છે. સવારે અતિશય આળસ થાય છે. મન 'ધરાર' વિચિત્ર રીતે વર્તે છે. થોડીક કસરત થી પણ સ્ફુર્તિ વરતાય છે.

G ના કહેવા મુજબ, મારે નકકર રીતે કાંઇક કરવું જ રહયું

રાજકોટથી આવતો હતો ત્યારે બસમાં થોડી ક્ષણો સારી વીતી. બાદ વિચારો પાછા શરૂ....આમાં એક નિર્ણય એવો લેવાયો કે G. ના શબ્દો જે યાદ આવે ને હવે સાંભળવામાં આવે તે નોધી લેવા.

G ને આ કહવું તો તેણે કહ્યુ. : 'ઘણુ' લખો, રોજ બે–ચાર કલાક લખો,' પણ મને થાય છે કે શું હુ આ બધું લખી શકીશ ? વ્યવહાર, વાચન, કુટુંબ અને સાધના આ બધી બાબતોમાં હું કેવીરીતે સમતુલા જાળવી શકીશ ? હું એક સાથે, એક સમયે એક જ કામ તન્મયતાથી કરી શકું છું. એમ વિચાર આવે છે કે સંપૂર્ણ જાગૃતિ હોય તો હેઠે હૈયુ રાખી જુદી જુદી જાતના કાર્યો શાંતિથી થઈ શકે.

એનર્જીની સતત આપ લે થતી રહે છે. સૃષ્ટિ વિકાસનું કામ આમ ચાલ્યા કરે છે. હું આ આપ–લે થી બચી શકું તો સારૂં આ માટે સદ્ભાવ, પ્રેમ અને ધીરજ જોઇએ.

મથવા માટે જિંદગી રોજ હજારો નિમિત્ત મોકલે છે. કરવું હોય તો ઘણુંય કરવાનું છે. બિનજરૂરી કે ઓછી જરૂરી બાબતોમાં માથું ન મારવામાં ડહાપણ છે. ભોટ દેખાવામાં શાણપણ છે. જે કરવાનું થાય છે તેમાં જો જીવ પરોવવામાં આવે તો તે બાબત જલ્દી સિધ્ધ થાય

સંપૂર્ણ શાંતિ શકય છે ? થોડીક શાંતિ મેળવવા પણ શું કરવું જોઇએ ? મારે મન શાંતિ એટલે વિવેક પૂર્વક જીવવું. સારા–નરસાપ્નો વિવેક થઈ શકે તો ઘણી બાબતો છુટી જાય. જો હુ મારા આત્માના વિકાસ અર્થે મથવા માંગતો હોઊં તો એને અનુરૂપ ક્રિયા, વિચાર, વાતાવરણ, મન, વાચન, માટે સતત કોશિશ કરવી જોઇએ.

દેખા દેખીથી, સંસ્કાર અને શિક્ષણના પ્રતાપે વિકાસ કરવા માટે ઘણી ઘણી એષણાઓની મનમાં ગાંઠો પડી ગઇ હોય છે. જે અહીં તહીં ભટકાવે છે.

ઘડીક એક ગાંઠ ખુલે ત્યારે તે પ્રમાણે જીવને ચાવી લગાડવામાં આવે અને આ રમકડુ તે પ્રમાણે દોડે પછી બીજી, ત્રીજી ગાંઠ........આમ આ જીવનને બળ મળયા કરે છે. ગતિ થતી રહે છે. ગાંઠો પડતી જાય, જુની છુટતી જાય........

એવુ પણ બનતું હોય કે આત્મના વિકાસમાં ચિત્તને પરોવવામાં આવે તો બાકીની ગાંઠો ખુલ્લીને નાશ પામતી જાય. સ્વાહા થતી જાય........તેને એનર્જી ન આપું તો ચાલે.

રહી રહીને સવાલ થાય છે મારે જીવવું શી રીતે ? મન કહે છે આનો જવાબ કાંઈ એક લીટીમાં ન આપી શકાય. શાશ્વતતા તરફ ધ્યાન આપતા જવું ને જીવ્યે જવું. શાંતિ, ધીરજ, પ્રબળ ઇચ્છા. આવું કેટલુંયે પ્રગટવા લાગે એક સાથે ઘણી વસ્તુઓ બને. વિચાર ઝબકી ગયો. "જીવન એક હવન છે. જેમાં બધું જ સ્વાહા કરવાનું છે. સ્વાહાની પ્રક્રિયા થતી રહે તે સાધનામય જીવન છે. સંપૂર્ણ સ્વાહા થઇ જાય ત્યારે.....? ખબર નથી. પણ અલૌકિક હશે જ.

આ લખું છું તેવું મારૂં જીવન નથી. હુ વારંવાર મૂર્છામાં પડું. છું હમણાં હમણાં થી મને એમ લાગે છે કે મારે શિક્ષણ કાર્ય હજુ વધુ સારી રીતે કરવું જોઇએ. સ્કૂલેથી ઘેર આવતાં પણ પીડામાંજ હતો. કંઇક વિચારો, કઈક સંવેદનો હતા :

૧ પ્રકૃતિ મને તમોગુણ માંથી બહાર કાઢવા મથે છે.

૨ સત્ય, રજ, તમના ત્રણ ગાળા છે. વ્યક્તિમાં સમયાંતરે આ ત્રણે વધતાં ઘટતાં રહે છે. સંસારી આ જાણતો નથી.

૩ સાધક ને પણ આ ત્રણેય ગુણોના ગાળા આવતાં જતાં હોય છે. તિવ્ર સાધક આ જોઇ શકે છે અને પોતાના અભ્યાસ વધુ ઉંડાણ ભર્યો કરી શકે છે.

૪ જે શાંત–સ્થિર–થઈ ગયો છે, તે પણ આ ત્રણેય ગાળામાંથી જાગૃતિ પૂર્વક પસાર થાય છે.

૫ ગુણનો ગાળો બદલાય ત્યારે બાહ્ય અને આંતરિક પરિસ્થિતિ વધતે ઓછે અંશે બદલાય છે.

૬ સંસારી જેમ સાધકને સમજી શકતો નથી તેમ સાધક પણ ઉચા સાધકને સમજી શકતો નહી હોય. પણ આ પીડા ભોગવવી રહી.

૭ આ પરથી લાગે છે કે મને હવે કીર્તિ પણ મળશે. મારે ત્યારે વધુ સાવધાની થી વર્તવા માટે અત્યારથી જાગૃતિ રાખવી જોઇશે.

૮ આધ્યાત્મિક વિકાસમાં સ્થળનું પણ કાંઇક મહત્વ હશે એમ લાગે છે.

શારીરિક મહેનત કરતી વખતે રજોગુણ હોય અને શરીર ઉપર હોઇએ તેમ છતાં જાગૃતિ પણ હોઈ શકે. બ્રહ્મવેદાંત અને G ને મમળાવતો હતો.

તા. ૨૧-૧૨-૮૯

રવિવારે રતનપર વિભાકરભાઈની શિબિર હતી એટલે ત્યાં જવાનું થયું.

પ્રેમ વ્યવસ્થામાંથી પ્રગટતો નથી. પ્રેમમાં શારીરિક, માનસિક, આર્થિક વગેરે ક્ષમતા અસર નથી કરતી. પ્રેમ કંઈક જુદીજ બાબત છે. મારું ચાહવું કદાચ પ્રેમ હોય, કદાચ ભયંકર મોહ પણ હોય. હું જેને ચાહું તે મને પૂરો રિસ્પોન્સ ન આપે તો કાળી બળતરા થાય, બેચેની, ચિંતા, અને હતાશા અનુભવાય, આવા ટાણે મારી અંદર ગડમથલ શરૂ થાય છે.

ગડમથલમાં ને ગડમથલમાં ખુબજ પીડાજનક પરિસ્થિતિ ઉભી થઇ ગઈ. માતાજીના ફોટા પાસે રડયો, પસ્તાવો કર્યો, વેદનાની વાતો કરી, G ને સમર્પિત થયો.

જે કાંઈ દુર અનુભવાય છે તે હુ નથી, આ શરીર, મન, સંસાર, આ ગડમથલ, તે સર્વ કાંઈ 'હુ' નથી. G હું નથી, 'તે' હુ નથી, 'તુ' હું નથી. જે 'હુ' નથી વે મારૂં નથી. તે મોહ છે. તેની સાથે જોડાયેલો અહંકાર છે. આ બધું છોડવું એ ત્યાગ નથી. કેમકે તે હું નથી. તેથી મારૂં કાંઈ નથી.

હકીકતે હું કોણ છું તે હું જાણતો નથી. તેથી મારૂં શું છે તે પણ હું જાણતો નથી.

એ દિવસ પહેલાં એવી અનુભુતિ થઇ કે, હું કોઈને ઓળખતો નથી. બધા અજાણ્યા છે. અજાણ્યાને ઓળખીતા ગણવા તે મુર્ખામી છે. Gનો પત્ર મળ્યો. ફરી ગડમથલ ! G માત્ર પીડા આપવામાં લોભ કરતાં નથી ! નિયમિત ધ્યાન થતું નથી. પરંતુ પીડા અતિશય થાય છે. પીડા–ધ્યાન કદાચ કહી શકાય. પ્રાણ ગુંગળાય છે. કોઈપણ નિર્ણંન ન લઈ શકાય, માથામાં કંઇક થવા માંડે. સૌથી વિશેષ તો એ કે આજુ બાજુના લોકોના વિચાર–વાણી–વર્તનમાં પણ ફેરફાર થવા માંડે છે. એક એક ક્ષણ અતિશય મહત્વની બની જાય છે આપણે ઇન્સાન મટી એટલીવાર દેવ હોઇએ છીએ....!

વિભાકર ભાઇની શીબીરમાં આ બધી પીડા મને થતી હતી. શારીરીક થાક પણ હતો. વિભાકરભાઈની એક વાતે મને વિચારતો કરી મુકયો. તે કહેતા હતા : "રજનીશજી જીવને પિંગળામાં લઇ જવા શીખવે છે. એટલે બહુ મોટું ચક્કર થાય. પિંગળામાં અધ્ધર લઇ જઇને પછી ઇડામાં થઇને નીચે ઉતારી પછી સુષુમણામાં લઈ જાય એટલું મોટું ચક્કર છે. જયારે યોગમાં જીવ ને સીધા સુષુમણામાંજ લઇ જવાની વાત છે"

આ વાત જોકે મને સાચી લાગી પરંતુ નાના–મોટા ચક્કરની વાત, વિશાળ દ્રષ્ટીએ જાઇએ તો બરાબર નથી. જીવનયાત્રામાં જેટલી બાબતો જે જીવને કલીયર કરવાની થાય છે. તેટલી બાબતો ગમે તે રીતે કલીયર કરવી જ રહી. સસ્તુ, સારૂં અને ઝડપી કોઇ વાહન હોઇ શકે નહીં. સરવાળે બધુ સરખું છે.

કાલે રાત્રે રજનીશજી સ્વપ્નમાં દેખાયા હતા.

તા. ૧૭-૧૨-૮૯

બે જ છીએ. હું અને પ્રકૃત્તિ. પ્રમાણે 'હું' વર્તે છે. 'હું' પ્રમાણે પ્રકૃત્તિ વર્તતી નથી. આ અધુરપ ગણાય. એકલતાનો એહસાસ રહે છે. તેની પીડા પણ છે. ન થવી જોઈએ. નકકર અને નગ્ન સત્ય છે : એકલતા. હું એકલતાથી બચવા જ આ બધા પ્રયત્નો કરું છું ને ? આ મોહ, આ મૈત્રી, આ પ્રગતિ....વગેરે. વહેલો મોડો પણ આ બધો પત્તાનો મહેલ ભાંગીને ભુસ.... શું આ બધી પરિસ્થિતિઓ મને કાંઇક શીખવવા માટે જ સર્જાતી નથી ?

બસ એકલો....એકલતા અનુભવને... મુંઝાય છે શાને....મન તો મુર્ખ છે.... નિર્બળતા, એકલતા કોઠે ન પડે ત્યાં લગી સંઘર્ષ અને તોફાન.... આ બધી માયાજાળમાં પણ ગુંચવણોજ છે ને ? એક ગુંચવણ ઉકેલીએ ત્યાં બીજી ગુંચવણ તૈયાર જ ઊભી હોય ...એકલતા વિચારોને ખંખેરે છે.

બીજા સાથેના સબંધ એ સબંધ નથી. જ્યાં સુધી હું મારા 'હું' ને ન અનુભવું ત્યાં સુધી કોઈપણ સબંધ એ માયાજાળ છે. બધા સંબંધો વૃથા છે, અનિત્ય છે અને બંધનકર્તા છે. મારા 'હું' ને જાણવા શું કરવું ? દરેક પરિસ્થિતિ, દરેક બીના, દરેક વ્યકિત, દરેક સંબંધો જુઠા છે. એવો ખ્યાલ રાખવો.

તા. ૨૮-૧૨-૮૯

એકલતા અનુભવવામાં સાંસારીક ટેવો નડે છે. સમર્થન, સહાનુભુતી અને મોહ એકલા બનાવે છે. ગમો-અણગમો તજી દેવો પડે, ગેર સમજણ, ઉપેક્ષા, માન, અપમાન કયાંય પણ ખેંચાવું નહીં. લોક વચ્ચે રહેવું પણ લોકની જેમ ન રહેવું. દરેક રજુઆત સબ્જેક્ટિવ હોય છે. હું આ બાબત સભાન રહેવા પ્રયત્ન કરૂં છું. કોઈની રજુઆત તેની પીડા હોય, ગુંચવણ હોય, તોય મારે તેમાં શા માટે ઇનવોલ્વ થઈને મારા ચિત્તને ડહોળવું ?

આજે લાગે છે : મારા માટે હમણાં મૌન અનિવાર્ય આવશ્યકતા છે. દરેક બાબત તરફ મૌન ભાવ રાખવાનું વિચાર્યું છે. મૌનથી ઘણું સમજાય છે. કદાચ બાહ્ય રીતે થોડું સહન કરવાનું રહે. હું બિન ઉપયોગી બનું તો વ્યવહાર મોળો પડે.

G અતિશય આધ્યાત્મિક છે ___ટાઇપના છે. G ઉપર સાંસારીક આરોપો ન મુકી શકાય G અસાધારણ શકિત ધરાવે છે. હું તેમણે સર્જેલી વસ્તુસ્થિતિનો કેટલે અંશે આધ્યાત્મિક ઉપયોગ કરી શકું છું તે જોવાનું રહયું.

નાનપણમાં બ્રહ્મચર્ય પાળવાની ભાવના હતી. જે મોળી મોળી પણ ચાલુ રહી છે. બ્રહ્મચર્યની આવશ્યકતા સમજાય છે. છતાં દૈહિક ખેંચાણ ઘણું છે. શારીરિક બ્રહ્મચર્ય પળાય છે. માનસિક બ્રહ્મચર્ય પાળવાની ભૂમિકા બંધાય છે.

એક મુરબ્બી સાથે ડાહી ડાહી વાતો કરી. વાતો કરવી અનિવાર્ય નથી તોય વાતો કરી. આમાં મૌન ક્યાંથી ઉતરે....?

તા.૨૯-૧૨-૮૯

સાવ સ્થુળ રીતે જીવું છું. ધ્યાનમાં બેઠો. પછી થયું કે ના.... વિચારમાં બેઠો છું. અગણિત વિચારોની કેસેટ ચાલુ....! આંખો બંધ હતી....જેથી તંદ્રા જેવું હતુ. ધ્યાન બિલ્કુલ નહોતું. અશાંતિ....અશાંતિ અને ચિત્ત ડહોળાતું જતું હતું.

તા. ૩૦-૧૨-૮૯

મોહનું સાધન સામે હોય ત્યારે વૈરાગ આકરો થઇ પડે છે. સેકસનો ઉપભોગ અને સેકસનું દમન આ બેમાં મારા માટે કયુ સારું ? આ બાબત કલીયર કરવાનો સમય આવી ગયો છે. મોહના પાયા પર મારૂં જગત ઊભું છે.

હું એકલો હોઉં તો શું કરૂં એની કલ્પના કરૂં છું. આ મકાન, માલ-મિલ્કત, લોકનિંદા, પૈસા, વગેરેની ચિંતા ઓછી હોત ? હું એક આવારા હોત ? કે શાંત સાધુ હોત ? કે કાઇ ગયેલ બદમાશ હોત ? કે મસ્તરામ બાબા હોત ?

કુદરતે મારૂં લગ્ન જીવન ગોઠવ્યું છે, તો તેમાં પણ વિકાસની પ્રક્રિયાનું કાંઇક રહસ્ય હશે. આજે કાંઇક સમજાય છે એમાંનું આ વિના કદાચ ઘણું બધું ન સમજાત, જિંદગી ખૂબજ જટિલ અને બહુ

આયામી છે. તે ન સમજાત દ્વૈતને જીવી જીવીને અદ્વૈત ને પામવું છે. બધા દ્વન્દ્વો ને પાર કરીને અદ્વૈત સમજાતું હશે. કાંઈક મેળવવા માટે કાંઇક ખોવું પડે છે. વિકાસ પ્રક્રિયા ના બે મૂળભૂત રસ્તા જણાય છે:

(૧) તમામ જાતની પીડાને શારીરિક, માનસિક, વાચિક, હાર્દિક રીતે અનુભવતા જવું, સમજતા જવું. અને પર થતાં જવું અધ્યાત્મ કે સાધનાનું નામ નથી લેતાં તેઓ પણ જાણ્યે–અજાણ્યે આ યાત્રા કરે છે. અજાણતા યાત્રા કરે તે વધુ ચકરાવા મારે છે. એક જ જાતની ભૂલ વારંવાર કરે છે.

(૨) યોગ વગેરે પ્રક્રિયા દ્વારા જેમાં એક લક્ષ્ય નક્કી કરી બધાં દ્વન્દ્વો તરફ ઉપેક્ષા સેવી સીધી યાત્રા કરવી. અહીં દ્વન્દ્વો અંતરાયરૂપે આવે છે.

જીવન અને જીવનની આસપાસના આ બધા ગુંચવડા સમજ્યા વિના જીવનથી પાર થવાતું નથી. જીવનને સમજ્યા વિના આંખો બંધ કરીને ગતિ કરનાર ભેખડે ભરાઈ જાય છે. કાંઇક ગુમાવવું પડે છે. એનો એક અર્થ એમ પણ થાય કે જે કાંઇક ગુમાવે છે તે કાંઇક મેળવે છે. ગુમાવવા જેવું શું છે ? મેળવવા જેવું શું છે ? એ વ્યક્તિના વિકાસ પર આધારિત છે. એક વ્યક્તિ ૧૦૦૦ રૂપિયા ખાતર આત્માનો સોદો કરે એનો અર્થ એ થાય કે ૧૦૦૦ રૂપિયા મળતાં હોય તો હાલ કાંઇ આત્માની જરૂર નથી.

અધ્યાત્મ એટલે સઘળુ ગુમાવીને સઘળુ મેળવી લેવું. હું સઘળુ ગુમાવવા તૈયાર કેમ નથી ? સીધો જવાબ એ નીકળે કે સઘળુ

મેળવવા તૈયાર નથી. મારી પાસે જે કાંઇ છે એમાંથી કાંઇક...કાંઇક.... રાખીને ઉપરથી બીજુ કાંઇક....કાંઇકિ....મેળવવા માગું છુ. મારા દ્વન્દ્વો મને ગમે છે. એટલે હું એને છોડવા માગતો નહીં હોઉ મૃત્યુ આ બધુંજ છીનવી લેશે. છતાં હું સ્વેચ્છાએ અને નિષ્કામ ભાવે કાંઇ છોડી શકતો નથી.

પ્રકૃત્તિ અને મારી વચ્ચે સતત સંઘર્ષ ચાલ્યા કરે છે. આ મારી પીડા છે. મને સ્થુળ પ્રકૃત્તિ પણ પૂરી સમજાતી નથી તો સૂક્ષ્મ પ્રકૃત્તિ ક્યાંથી સમજાય? પ્રકૃત્તિને સમજવા માટે, પ્રકૃત્તિ સમજાઈ નથી. એ સ્વીકારવુ જોઇએ.

સૃષ્ટિના વિકાસના રહસ્યો જે કાંઈ સમજાઈ છે તે પ્રચાર કરવા જેવા નથી હોતા. ખુબજ ધીરજ અને જ્ઞાન ખાતર જ્ઞાનનું વલણ રાખવું. જોઇએ, બહારની ઇંદ્રિયો જેટલી વધુ બંધ રહે તેટલી અંદરની જ્ઞાનેન્દ્રિયો વધુ કાર્યાન્વિત રહે. પરમને પામવું હોય તો મૌન અનિવાર્ય શરત છે.

સહન કરવું. સહજ બની જવુ જોઇએ.
વહાલી બાબા સહન કરવું એય છે
એક લહાણું....

માણ્યુ. એનું સ્મરણ કરવું એય છે
એક લહાણું....

તા. ૩૧-૧૨-૮૯

થિયોસોફીનું એક પુસ્તક વાચતાં વાંચતા રસ, આનંદ અને પ્રશ્નો ઝરતાં રહયા. ઇશ્વરી યોજનામાં મારો રોલ, ફરજ, હક્ક, અને અશકિત બાબતે ગડમથળ થઈ.

* પુસ્તકમાં લખ્યું હતું : " આ માર્ગ પોતાનો મોક્ષ ઇચ્છનાર માટે નથી, પરંતુ વિશ્વનું કલ્યાણ ઇચ્છિનાર માટે છે. " હુ તો મારા પોતાના જ વિકાસ અર્થે મથું છું. બીજાના કલ્યાણની ભાવના હમેશા ગૌણ રહી છે. શું મારે વિશ્વ-કલ્યાણ માટે જ મથવું જોઇએ ?

* અધ્યાત્મ જગતના સિધ્ધ-સંઘ, શ્વેત સંઘ, ગુરૂ માર્ગ વગેરે વિચારસરણીમાં શ્રધ્ધા રાખવી અનિવાર્ય છે? શું G પણ આવા કોઈ સંઘનું માધ્યમ છે ?

* એક વખત સ્વપ્નમાં મુંડન કરેલ સાધુ મને દેખાયો હતો અને અતિશય બીક લાગી હતી. શું હું આવા કોઇકિ સાથે જોડાયેલો હઇશ ?

* જ્યાં સુધી સૃષ્ટિની સમગ્ર માનવ જાતનો પુર્ણ વિકાસ ન થાય, ત્યાં સુધી શું વ્યકિતગત મોક્ષ શકય જ નથી ?

* પરમ શાંતીને ઉપલબ્ધ વ્યકિતએ બીજા માટે મથવું ફરજિયાત છે?

* મારી સાધનગત સંકુચિતતા સ્પષ્ટ થઈ હું સ્વ ના વિકાસને મુખ્ય ગણતો હતો આનાથી મારા ગમા-અણગમા, સ્વાર્થ, અહમ્ અને મમતા ને પોષણ મળતું હશે ?

* વૈરાગ્ય અને ત્યાગમાં આનંદ છે. મમત્વ અને અહંબુધ્ધી સંસાર અને બંધન છે. તો પણ કોઇ વસ્તુને પકડી રાખવાનું વલણ છુટતું નથી. આમાં ક્ષણિક તો ક્ષણિક પણ સુખ અને સલામતી અનુભવાય છે.

ા. ૧-૧-૯૦

જે કોઇ વ્યકિત કે બનાવ યાદ આવે ત્યારે મારા મનમાં શું થાય છે? જે તે વ્યકિત કે બનાવ સાથે જે કેન્દ્રથી સબંધ હોય તે કેન્દ્ર પર અસર થાય છે. દાત. G નો પત્ર આવે અથવા વાતચીત, મુલાકાત ના બનાવ યાદ આવે ત્યારે તે સમયે તેની સાથેનું જોડાણ જે કેન્દ્ર પર હોય ત્યાં અસર થાય.

એક પ્રશ્ન થાય છે: મારી પાસે આવીને કોઇ અપરિચિત વ્યકિતની વાત કરે તો શું અસર થાય? પહેલી અસર તટસ્થ, સાક્ષી ભરી હોય. મન પછી શરૂ થાય. શિક્ષણ, સંસ્કાર, પૂર્વાનુભવ પ્રમાણે માનસિક પ્રક્રિયા થઇને તે અજાણી વ્યકિત તરફ અમુક વલણ કેળવાય. આ જોતાં માત્ર સાક્ષીપણું એજ સ્વ-વિકાસની પૂર્ણાહુતિ નથી. મન, બુધ્ધિ અને પ્રજ્ઞાનો વિકાસ થયા પછી સાક્ષી-પણુ વિકસે તો જ આ દ્રશ્ય જગતમાં સુસંવાદિત રીતે રહી શકાય.

તા. ૨-૧-૯૦

ચર્ચા કરતાં કરતાં મારાથી ઘણીવાર ધડ દઇને નગ્ન સત્ય બોલી જવાય છે. જે, સત્ય હોવા છતાં સાંભળનાર વ્યક્તિ માટે પચાવવું અઘરૂં કે અશકય હોય છે. પછી મને થાય છે કે આ વાતને તો

સાંભળનાર વ્યકિત સમજી કે સ્વીકારી શકે તેમ નથી. પરિણામે તેના મનમાં અને લાગણી તંત્રમાં ગુંચવાડો થાય છે. અહીં મને મૌન નો મહિમા સમજાય છે

કોઇ પણ વાત હું ઉતાવળે કરીનાખું છું. આજે એક વ્યકિત કે જેને પક્ષઘાતની થોડીક અસર હતી તેણે મને જ્યારે કહયું કે "હવે મારા અક્ષર બગડવા લાગ્યા છે." ત્યારે મેં ધડ થઇને કહી દીધું: "ધીમે ધીમે બધું બગડવામાં જ છે ને?"

ગઇ કાલે એક યુવાન મિત્ર સાથે અત્યારના સિધ્ધો અને સંતો જે મારી જાણમાં છે, તેમના વિષે માહિતિ સભર વાતો કરી. પાછળથી મને અસુખ થયું

કોઇને પણ મદદ કરવી અઘરી છે. જવાબદારીના ભાન વિનાની મદદ નુકશાનકર્તા નિવડે છે. જ્યાંસુધી ખુદને કોઈ ભરોસા પાત્ર શાંતિ મળી નથી ત્યાં સુધી અન્યને શાંતિ મળે એ માટેના સર્વ પ્રયત્ન ખુદને વધું અશાંત કરી મૂકે છે.

મૌન ખરેખર મહા સાધના છે. માલીપા બડબડાટ નો ફોર્સ અતિશય છે. આ બડબડાટને જીરવવાની અને સમજવાની શકિત અને પ્રેરણા આપવા પરમાત્માને પ્રાર્થના કરૂં છું.

જ્યાં સુધી ચિત્ત શુધ્ધ થઇને લય ન પામે ત્યાં સુધી મૌન અશકય છે. ચિત્તશુધ્ધિ માટે માલીપા થતો બડબડાટ સમજવો.

આશા જિસકી ગલ ગઈ, ચિત્ત જિસકા મર ચુકા;
કરના ઉસે કયા હૈ, જો સબકુછ ધર ચુકા, મર ચુકા.

આ શે' થાય ? કેમ થાય ?

ચોટીલા, માધવપુર અને માટેલની કુટુંબ સહિતના પ્રવાસની તૈયારી ચાલે છે. હું જેને જેને ચાહું છું; તેને મારાથી સર્વજાતની સ્વતંત્રતા છે. મનુષ્ય તરીકે દરેક માનવે આટલું તો સ્વીકારવુંજ જોઇએ હૃદય જ હૃદય નું માલિક છે.— આ મન, આ સમાજ વ્યવસ્થા, આ સત્તા કે બીજુ કાંઈપણ નહિ જ. બે આત્મા વચ્ચે અગમ્ય અને અકારણ ખેચાણ અનુભવાતું હોય તેને 'પ્રેમ' કહેવાની હાલ મારી સમજણ છે.

તા. ૧૧-૧-૯૦

કયારેક ભય લાગે છે. કયારેક વેળા, કવેળા વિવેકબુધ્ધિ સૂકાઇ જાય છે. કેટલી બધી ગુલામી ! G અને સાધક મિત્રોને મળતી વખતે હૃદય અને તેનાથી નીચે કશાક સંવેદનો થાય છે જે ભયમાં પરિણમે છે. આ ભયનું સચોટ કારણ પકડાતું નથી. અજાણ્યા કે ઓળખીતાં મિત્રો સાથે સત્સંગ, ચર્ચા દરમિયાન આ થતુ નથી.

મારા જીવનનો કંઇ હેતુ છે ? હોય તો શું હેતુ હોય શકે ? બ્રહ્મવેદાંતજીને મળ્યા પછી પૂના જવાની, બ્રહ્મવેદાંતને ફરીથી મળવાની તેમજ મોરબીમાં બ્રહ્મવેદાંતની શિબિર ગોઠવવાની ઇચ્છા થઇ. આવા સંકલ્પો વધ્યા. કોઇપણ સંત મહાત્માને અવાર-નવાર મળવું સારૂં નહી. એવું ઉંડે ઊંડે ધરબાતું જાય છે. દરેક સંબંધ ચુકવવા પડે છે. ખાસ કરીને સંતમહાત્મા સાથેના સંબધોમાં વિશેષ લાગણી ભરી હોય છે. તેથી તે જલ્દી ચુકવવાના થાય છે.

બીજી તરફ સંત મહાત્માના સાંનિધ્યમાં વિશેષ શાંતિ અને સાધનામાં પ્રગતિ અનુભવાતી હોય લાલચ પણ થાય છે. G ની એવી ઇચ્છા હોય કે હું જ્યાં-ત્યાં બહુ રખડુ નહીં G પ્રત્યેનું જોડાણ બીજા કોઇપણ જોડાણ કરતાં વિશેષ અનુભવાય છે. તો સાથો-સાથ Gથી દુર રહેવાની મનોવૃત્તિ પણ જોર પકડતી જાય છે. મને મારા વ્યક્તિગત વિકાસમાં રસ છે. સમષ્ટિના વિકાસમાં રસ ઓછો છે. માસ્ટરોને તો સમષ્ટિના વિકાસમાં જ રસ હોય પણ મને તે ગૌણ બાબત લાગે છે. ઉપરાંત સમષ્ટિ વિકાસના સંકલ્પો થાય તો યુગો સુધી જન્મો લેવા પડે છે એવું જણાય છે. જે મને આંચકો આપે છે.

આશા જિસકી મલ ગઇ, ચિત્ત જિસકા મર ચૂકા;
કરના ઉસે કયા હૈ, જો સબકુછ ધર ચુકા, મર ચુકા.

શુ આ શકય નથી ? કે પછી આત્માએ વારંવાર સમષ્ટિના વિકાસ અર્થેજ આવવુ અનિવાર્ય છે ? શું સમગ્ર સૃષ્ટિના સાતેય શરીરનો વિકાસ થઈ સમગ્ર સૃષ્ટિ કોઈ કાળે નિર્વાણ પામતી હશે ? વળી એમ પણ લાગે છે કે વ્યક્તિએ સમષ્ટિ અર્થેજ જીવવુ જોઇએ. આનાથી કોઈ ઉત્તમ માર્ગ નથી, ઉત્તમ સાધના નથી, સાધ્ય નથી. આતો 'હુ' મટી ગયા પહેલાં વિચારૂં છું. કદાચ મારો 'હુ' મટી ન જાય એટલે વિચારૂં છું કૃષ્ણમૂર્તિ કહે છે તેમ ! મન હંમેશા વિભાજન પાડે છે.

ઇચ્છા માત્ર બંધન વધારે છે કે ઘટાડે છે અત્યારે તો એમ લાગે છે કે બન્ને તરફની શકયતા છે. બંધન ઘટાડવાની ઇચ્છાથી

જાગૃત્તિ પુર્વક કરેલા કર્મો બંધન ઘટાડે છે. આમા મોહ ભળે તો બંધન થાય. કશુંય ન કરવું તે તો વળી વિક્ષિપ્તતા અને વિકૃતિ આણે તેવું લાગે છે. કશુંય ન કરવું તે શકય જ નથી, કેમ કે કશુંય ન કરવું તે તો ઉપલબ્ધિ છે. બધાં કર્મો ખપી જાય પછી જે શેષ રહે તે "તે" છે. કશુંય ન કરવા માટે કાંઇક કરવું તે મૂર્ખામી છે. જે કરવામાં આવે છે તે વધુ જાગૃતિ પૂર્વક કરવા સિવાય કોઇ રસ્તો નથી. છેલ્લે, મહાત્માઓ કહે છે તે સત્ય લાગે છે. જન્માંતરને યુગાંતર ની રહસ્ય વિદ્યાની ખબર નથી, પણ આટલું તો નક્કી થાય છેઃ કર્મો ખપાવવા માટે પણ સાધના કરવી પડે છે. કર્તા ભાવ જાગે ત્યારે જ પીડા, ગુંચવણ અને સંઘર્ષ થાય છે.

જીવન જીવવું એ મજબુરી હોય તો વધુ ડાહપણ ભરેલું એ છે કે સમજણપૂર્વક જીવવું. માત્ર ભગવાનના જ ભરોસે જીવવું શકાય છે? શું ખરેખર એવી કોઇ સમર્પિત દશા પ્રગટતી હશે કે જયારે બધુ આપમેળે બન્યા કરે? જો બુદ્ધિ, વિવેક, જ્ઞાન વગેરે સંપૂણ ખરી જાય તો લેડલીટર સૃષ્ટિ વિકાસમાં ફાળો આપવાની જે ફોર્મ્યુલા કહે છે તે નકામી સાબિત થાય નરસિંહ મહેતાએ ગાયુ છેઃ હરિના જન તો મુકિત ન માગે, માગે જનમ વારંવાર .. લેડબીટર અને નરસિંહ મહેતાની વાતમાં કંઇક અંશે અહંકાર ને જાળવી રાખવાની વાત છે.

હું આ ડાયરી શા માટે લખું છું? મને આની પાછળ એકથી વધુ કારણો લાગે છે. હું કાંઇપણ કરૂં એમાં કાંઇક તો ખોટું રહેવાનું જ. કૃત્ય નિરપેક્ષ બને એવો માત્ર પ્રયત્ન હું કરી છુટું....!!!

તા. ૧૩-૯-૯૦

ગઇ કાલે એ. રામ બાપુના દર્શન કર્યાં. આખો દિવસ ઉત્સાહમાં રહયો. દરેક સારી અનુભૂતિની પાછળ પાછળ જોરદાર રિએકશન આવતું જ હોય છે. હું કાંઈ આમાં અપવાદ નથી. રાત્રે જોરદાર રિએકશનમાં હતો.

તિવ્ર વૈરાગ ઉમટયો. બધું નિરર્થક લાગતું હતું. દૂર દૂર ભાગી જવાની લાગણી થતી હતી. મોઢું સિવાય ગયું હતું. બુદ્ધિ બહેર મારી ગઇ હતી. ઇન્દ્રિયો બંધ હતી. ડુંટીથી નીચે 'હું' હતો. આમ તેમ, શરીર વિનાનો.... વાસનાનો લોચો હતો....

મેં મારી જાતને નીચેની સૂચનાઓ આપી.

* અતિ ઉત્સાહ ન રાખવો.
* કોઇને સલાહ ન આપવી.
* મારી મૂલવણી આમ જનતાની દ્રષ્ટિએ નહીં પણ મારી દ્રષ્ટિએ કરવી.
* પેટ ચોળીને પીડા ન ઊભી કરવી.
* લાગણી, ટુંકી દ્રષ્ટિની ખામીને લીધે, વ્યાપક બને છે. તેનો ઉત્સાહ મોહમાં પરિણમે છે. અને સાંસારિક રૂપ લઈ લે છે.
* સેવા કરવાનું વલણ ન રાખવું. કેમકે હું બિન શરતી સેવા કરી શકુ નહીં.
* સહજ બનીને રહેવું. 'હું એકલો છુ' એ તથ્ય સતત યાદ રાખવું.

* મને કોઈ ચાહે એવી ઇચ્છા ન રાખવી આવી ઇચ્છા મૂર્ખાઇ છે.
* દરેકને નિમિત્ત ગણવા.

મને ખૂબજ પૈસાદાર થવાની ઇચ્છા કયારેક કયારેક થઇ આવે છે. આ ઝંખનાને જોવી.

* કુદરતને સમજવા મથવું. કુદરત પર બળાત્કાર ન કરવો.
* સાધના, મોક્ષ, મુક્તિ, પરમ તત્વ, વગેરેને પ્રાપ્તિ અને સિદ્ધિની દ્રષ્ટિએ વિચારવાનું બંધ કરવું, કાંઇપણુ મેળવવાનું નથી. જે છે તે જ શુધ્ધ કરવાનું છે.

તા. ૧૪-૧-૯૦

ગઈ કાલે બપોર પછી બસ સ્ટેન્ડથી દુર પુલ ઉપર બેઠાં બેઠાં ધ્યાન થયું. શરૂઆતમાં બેચેની હતી. ધીરે ધીરે તેની માત્રા વધતી ગઈ. એકલતા અનુભવાવા લાગી પીડા વધી. મારાથી રહેવાતું નહોતું. ચાલતો થયો....!

જયારે ટકી રહેવાની જરૂર હોય ત્યારે જ આ રીતે હું પલાયન થાઉ છું.

સવારે મૌન મંદિરમાં બેઠો. બિલ્કુલ ધ્યાન શાંતિ ન થાય તે ન જ થયા. વિચારમાં ને વિચારમાં વારંવાર મૂર્છામાં સરી પડાતું હતું. આસન કર્યું. જેથી રાહત થઇ.

કોઇ પોતાનામાં પર્યાપ્ત નથી. અથવા પર્યાપ્તિનો અનુભવ કરતાં નથી. પામવાની ભૂખ છે. પામ્યા વિના અધુરપ વર્તાય છે. પામ્યા વિના શું ન પામી શકાય ?

સમાજ ભાવનાને ઢાળે છે. સાધનામાં આ ઢાળ વિખેરવો પડે છે. પત્નિને માત્ર પત્નિ રૂપે જ જોવી એ ભાવનાને બંધિયાર બનાવે છે.

પુરૂષ હંમેશાં પુરૂષ નથી હોતો.

સ્ત્રી હંમેશાં સ્ત્રી નથી હોતી આ તથ્ય વ્યવહારિક (પ્રેકિટકલી) રીતે ઉકેલવા મથું છું.

**તા. ૧૬-૧-૯૦**

'આયુર્વેદનું અધ્યાત્મ' પુસ્તક વાંચું છું. હમણાં 'નો પ્રોબ્લેમ'ની પરિસ્થિતિ છે. કુદરતની આ કરૂણા છે. આપણાં માનસિક પ્રયત્નોથી પણ સારૂં પરિણામ આવી શકે છે. સંકલ્પમાં ઘણી શકિત છે.

ગઇ કાલે રૂમમાં બેઠાં બેઠાં જીવ ચૂંથાવા લાગ્યો. પીડા-ધ્યાન થયું. બહાર જવાની, કોઇને મળવાની જોરદાર ઇચ્છા થવા લાગી. થોડીક જાગૃતિ હતી. કે મન પલાયન ઇચ્છે છે. એટલે થોડીવાર બધું થવા દીધું શરીરની અંદર ઘણું અનુભવાતું હતું. વૃત્તિઓ અંતર્મુખ હતી. પણ આખરે.... હું બહાર ગયો. એક મિત્રને મળ્યો. સત્સંગ, ચર્ચા કર્યા મન કહેતુ હતું કે આ પલાયન છે જ પરંતુ બને તેટલી જાગૃતિ રાખી ચર્ચા ચાલુ રહેવા દીધી.

દિવસ દરમિયાન પણ કંઈક અંશે મૂંઝવણ ચાલુ રહી. સમતા પૂર્વક વર્તવાની કોશિશ ન કરતાં દરેક વસ્તુને વધુને વધુ સમજવા મથવું જોઈએ જ્યારે અહમ્‌ને નાની સરખી પણ ચોટ પડે ત્યારે આંતરિક ભય વ્યાપે છે, પ્રત્યાઘાત થાય છે. મનની ચાલબાજીઓ શરૂ થાય છે ધ્યાન પણ થાય. આવા વખતે ધ્યાન જેટલું અઘરૂં છે. તેટલુંજ આવશ્યક છે.

તા. ૧૭–૧–૯૦

સાધકે ભોજન વિષે વિચારવું જરૂરી છે. જમતી વખતે પ્રમાણભાન નથી રહેતું ત્યારે એની અસર શરીર અને મન પર થાય છે. ઊંઘ અને આળસ વધે છે. આસન, પ્રાણાયામ, કસરત, ધ્યાન વગેરે નિયમિત કરવાની તાતી જરૂર છે. પણ થતાં નથી....

તા. ૨૨–૧–૯૦

તા. ૧૯–૧–૯૦ શુક્રવાર સાંજે ભગવાન શ્રી રજનીશજીએ દેહ છોડયો. સવારે ૭ વાગ્યે રજનીશજી વિષે સંસ્કૃતમાં સમાચાર અપાઈ રહ્યા હતા મને ધ્રાસ્કો પડયો અને.... આંસૂ વિના રોયો....! અનાયાસ બોલાયુ : ગુરુર્બ્રહ્મા.... ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વર

ગુરુઃ સાક્ષાત પરમબ્રહ્મ તસ્મૈ ગુરુદેવ નમઃ

અને આંસૂની ધાર ચાલી.... અજંપો, અસુખ, બેચેની, અહોભાવ અને મારી અધૂરી યાત્રાનો ખેદ જન્મ્યાં.

બેચેની વધતી ચાલી એક જોડી કપડા લઇ નીકળી પડયો કયાં જઇશ તે નક્કી નહોતું.

બપોર પછી G ને મળવા ગયો. નિરાંત....! શાંતિ ...! અને અધ્યાત્મ સભર વાતાવરણ...!

ઘણા મૃત્યુ પ્રસંગોની વધતી ઓછી અસર થઈ છે. પણ આ અસર ખૂબજ ઊંડી છે સ્વજનોના મૃત્યુ પ્રસંગ અને આ બનાવ વચ્ચે ઘણુ અંતર છે.

મારા દેખતાં ત્રણ જાગૃત ચેતનાએ વિદાય લીધી. છે. કૃષ્ણમૂર્તિ દાદા ભગવાન અને રજનીશજી ત્રણેય સાથે ભાવ, મન, પ્રિતને પ્રાણથી વધતે ઓછે અંશે સંબંધો છે છતાંય હું કાંઇ નોંધપાત્ર કરી શકયો નથી. શાંતિ.... સત્ય.... પ્રેમ.... પામી શકયો નથી. રે....મારૂ જીવન.... આ મન હજુય હેમખેમ છે !

**તા. ૨૪-૧-૯૦**

છેલ્લા બે-ત્રણ દિવસો ઘેરી ઉદાસી છવાયેલી રજનીશજી જતાં હૃદયમાં એક ખાલીપો સર્જાયો છે.

**તા. ૨૫-૧-૯૦**

શિક્ષકને શિક્ષણ દરમિયાન આટલા અંતરાયો નડે છે.

૧. શિક્ષક અને વિદ્યાર્થીનો સામાજિક દ્રષ્ટિએ તફાવત

૨. ઉંમરનો તફાવત

૩. જ્ઞાનનો તફાવત

શિક્ષક જો આ તફાવત ઘટાડવા શકિતમાન થાય તો શિક્ષણ વધુ આસાન અને ગ્રાહય બને શિક્ષક પોતાની અવસ્થાએ સ્થિર રહી .

શિક્ષણ કાર્ય ન કરે તે ઇચ્છનીય છે. શિક્ષકે વિદ્યાર્થીના લેવલે પહોંચવું અનિવાર્ય છે અતિ ઉત્સાહ ઘણા ખરાબ પરિણામ લાવે છે.

દરેક વિદ્યાર્થી શિક્ષણ મેળવવા હકદાર છે. વિદ્યાર્થી જેટલી માત્રામાં શિક્ષણ મેળવી શકે તે તેને અપાવું જોઇએ. પ્રેમ વિના શિક્ષક કદી ભણાવી શકે નહીં. શિક્ષકે આપસૂઝથી જ ભણાવવું જોઇએ.

જિંદગી આખર જિંદગી છે. તે કુરબાની પૂર્વક ખરચવાની છે. પ્રગતિની પ્રક્રિયાને સતત વેગ આપતો રહેવો જોઇએ. આ મિથ્યા જગતમાં પ્રેમપુર્વક જીવવું એ સત્ય છે.

ચિંતા અને ચિંતન શરીરમાં રોગ જન્માવે છે.

આ મનની અંદર બસ ચાલ્યા જ કરે છે....

માખીઓનો બણબણાટ
મચ્છરોનો ગણગણાટ
કાગડાઓનો કડ કડાટ
ચકલાઓનો ચણ ભણાટ
સાધકોનો લબ લબાટ

સતત કંઇક બખડજંતર
જાત જાતના જંતરમંતર
ભાત ભાતના મંતરતંતર

તા. ૨૬-૧-૮૦

મૃત્યુ એ જીવનને સમજવાનો ફરી એક ચાન્સ છે – **શ્રી ગોર**

પ્રજાસત્તાક દિન, લોકશાહીને સમજવાનો ચાન્સ આપે તો પ્રજાસત્તાક દિનની ખરી ઉજવણી થઈ કહેવાય.

કોઈપણ તહેવારમાંથી કાંઇક શીખી શકાય. શીખવાની પ્રક્રિયા બહુ આયામી છે વિરોધાભાસી પણ છે માઠા પ્રસંગોએ સારી સમજણ પ્રગટે, એવુ પણ બને. સૌ કોઇ સહજ રીતે શીખી નથી શકતાં અહંકારને કાંઇકિ તકલીફ પડે ત્યારે શીખે છે.

શબ્દો વિનાની પીડા જ ખરી પીડા છે. જ્ઞાન કે પ્રેમ વિના વૈરાગ્ય શોભતો નથી. વૈરાગ્ય વિના જ્ઞાન કે પ્રેમ જન્મે નહિ. સદ્‌ગુરૂની પ્રાપ્તિથી મોટું અહોભાગ્ય કાંઇ નથી. તેમના સહવાસમાં સાહસ છે. સાહસ સમર્પણમાંથી જન્મે છે.

સંસાર અને અધ્યાત્મ વિરોધાભાસી જણાય છે. સંસાર એ મનનું સર્જન છે. અધ્યાત્મ શાશ્વત છે. મન વિખરાય, સંસાર ઓગળે પછી પાછળ જે વધે તે અધ્યાત્મ. આમ તો અધ્યાત્મનું વિરોધી કાંઇ નથી પરંતુ મન અને સંસાર અધ્યાત્મ ને ન સમજવાની કોશિશ કરતાં રહે છે. તેથી જુદા જણાય છે.

અસ્તિત્વને નામ અને રૂપ આપવાથી 'માયા' જન્મે છે. માયા ને લીધે મિથ્યા શાશ્વત લાગે છે.

# SAYINGS

* The Mill can not grind with water that has passed.
* Would you know what money is ? Try to barrow some.
* In time, he comes whom god sends.
* No sooner is a temple built for god, than the devil builds a chapel hard by.
* Whom god punishes, he first takes away ahe understanding
* God is where there is peaee.
* Great force is hidden in a sweet request.
* Only the wearer knows where the shoe pinches.
* The shortest answer is in doing.
* He who offends never furgives.
* Three things are hard : a diamond, granite, and the knowing of one self.
* A fanit denied is already doubled.
* He who is occupied, with what people say about him, shall never know peace.

**- From " Further Teachings of Gurdieff "**

By C. S. NOTT

He who walks in the way of God is distinguised by five things :-

(1) He is free from anxiety about his daily needs

*

(2) Every thing he does is done for the glory of God

*

(3) He struggles Constantly with his Weaknesses and negative feelings

*

(4) He Strives to remember himself always and in every thing

*

(5) He remembers that he is MORTAL and may die at auy moment

- From Funther
teaching of Gurdieff
by C. S. Nott

## એકજ દે ચિનગારી

એક જ દે ચિનગારી.
મહાનલ ! એક જ દે ચિનગારી,

**ચકમક લોઢું ઘસતાં ઘસતાં** ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડયો, ન ફળી મહેનત મારી !

મહાનલ, એક જ દે ચિનગારી,

ચાંદો સળગ્યો, સુરજ સળગ્યો, સળગી આભ-અટારી,
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી !

મહાનલ, એક જ દે ચિનગારી,

ઠંડીમાં મુજ કાયા થથરે, ખુટી ધીરજ મારી,
વિશ્વાનલ. હું અધિક ન માંગું-માંગુ એક ચિનગારી,

મહાનલ, એક જ દે ચિનગારી.

–હરિહર ભટ્ટ